R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31.12.2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૬ ● તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૪ ● અંક નં. ૪૩

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી કાર્યવાહક સંપાદક : કે. એ. કરમટા સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.*

વેબસાઈટ : **www.gujaratinformation.net** **www.facebook.com/gujaratinformation.official** **Phone No. : 079-232-53440**

## સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ : નવી મુંબઇ

**કોન્સ્ટેબલ (ટેકનિકલ/ટ્રેડસમેન)ની ભરતી**

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૦-૧૨-૨૦૧૪**

મહારાષ્ટ્રના ઉમેદવારો માટે ખાલી જગ્યાઓ

| કોન્સ્ટેબલ (સીટી)/ ટ્રેડનું નામ | જન. | જન. એક્સ. સર્વિ. | ઓ બી સી | ઓબીસી એક્સ. સર્વિ. | એસસી | એસસી એક્સ. સર્વિ. | એસટી | એસટી એક્સ. સર્વિ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સીટી/ડ્રાઈવર (પુરુષ) | ૨૦ | ૨ | ૧૦ | ૧ | ૪ | ૦ | ૪ | ૦ | ૪૧ |
| સીટી/ફિટર (પુરુષ) | ૧૨ | ૧ | ૬ | ૧ | ૩ | ૦ | ૨ | ૦ | ૨૫ |
| સીટી/બ્યુગલર (પુરુષ) | ૭ | ૦ | ૪ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧૫ |
| સીટી/ટેલર (પુરુષ) | ૩ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૬ |
| સીટી/મોચી (પુરુષ) | ૪ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦૯ |
| સીટી/કાર્પેન્ટર (પુરુષ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/ગાર્ડનર (પુરુષ) | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૪ |
| સીટી/પાઈપ બેન્ડ (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/બ્રાસ બેન્ડ (પુરુષ) | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૩ |
| સીટી/પેન્ટર (પુરુષ) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૪ |
| સીટી/કૂક (પુરુષ) | ૧૩ | ૧ | ૬ | ૧ | ૩ | ૦ | ૨ | ૦ | ૨૬ |
| સીટી/વોટર કેરીયર (પુરુષ) | ૧૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૦ | ૩ | ૦ | ૩૨ |
| સીટી/વોશરમેન (પુરુષ) | ૬ | ૧ | ૪ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧૩ |
| સીટી/સફાઇ કર્મચારી (પુરુષ) | ૫ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧૧ |
| સીટી/બાર્બર (પુરુષ) | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧૦ |
| સીટી/બ્યુગલર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/સફાઇ કર્મચારી (મહિલા) | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૫ |
| સીટી/કૂક (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/વોટર કેરીયર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/વોશર વુમન (મહિલા) | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૫ |
| સીટી/ટેલર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/હેર ડ્રેસર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| કુલ | ૧૧૦ | ૧૧ | ૫૪ | ૪ | ૨૨ | ૦ | ૧૬ | ૦ | ૨૧૭ |

ગુજરાતના ઉમેદવારો માટે ખાલી જગ્યાઓ :

| કોન્સ્ટેબલ (સીટી)/ ટ્રેડનું નામ | જન. | જન. એક્સ. સર્વિ. | ઓ બી સી | ઓબીસી એક્સ. સર્વિ. | એસસી | એસસી એક્સ. સર્વિ. | એસટી | એસટી એક્સ. સર્વિ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સીટી/ડ્રાઈવર (પુરુષ) | ૧૦ | ૧ | ૫ | ૧ | ૧ | ૦ | ૩ | ૦ | ૨૧ |
| સીટી/ફિટર (પુરુષ) | ૫ | ૧ | ૪ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૧૩ |
| સીટી/બ્યુગલર (પુરુષ) | ૪ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૭ |
| સીટી/ટેલર (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૪ |
| સીટી/મોચી (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૪ |
| સીટી/કારપેન્ટર (પુરુષ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/ગાર્ડનર (પુરુષ) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/પેન્ટર (પુરુષ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/પાઈપ બેન્ડ (પુરુષ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/બ્રાસ બેન્ડ (પુરુષ) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/કૂક (પુરુષ) | ૬ | ૧ | ૪ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૧૪ |
| સીટી/વોટર કેરીયર (પુરુષ) | ૭ | ૧ | ૪ | ૧ | ૧ | ૦ | ૩ | ૦ | ૧૭ |
| સીટી/વોશરમેન (પુરુષ) | ૪ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦૮ |
| સીટી/સફાઇ કર્મચારી (પુરુષ) | ૩ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૬ |
| સીટી/બાર્બર (પુરુષ) | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૫ |
| સીટી/સફાઇ કર્મચારી (મહિલા) | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૩ |
| સીટી/કૂક (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/વોશરમેન (મહિલા) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| કુલ | ૫૫ | ૦૪ | ૩૦ | ૦૨ | ૦૫ | ૦ | ૧૬ | ૦ | ૧૧૨ |

♦ જગ્યાઓ ઉપર મુજબની બહાર પાડેલી/ જગ્યાઓમાં વહીવટી કારણોસર ફેરફાર થઇ શકે.

♦ ઉપરોક્ત જગ્યાઓ માટે ભરતી માટે અધિવાસનો દરજ્જો જરૂરી રહેશે. આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, તામીલનાડુ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ઉમેદવારોને તેમના જ રાજ્ય માટેની ભરતી માટે યોગ્ય ગણાશે તે પણ ''અધિવાસનું પ્રમાણપત્ર'' (ડોમીસીઈલ સર્ટિ.) આપવાથી જે રાજ્ય /કે.શા.પ્ર.ની મહેસુલી સત્તાવાળાઓ અધિકૃત રીતે ઈસ્યુ કર્યું હોય.

♦ ઉમેદવાર એક જ જગ્યા (ટ્રેડ) માટે અરજી કરી શકશે. જે કોઇ ઉમેદવાર એકથી વધુ જગ્યા/ ટ્રેડ માટે અરજી કરશે તેમની વિચારણા એક જ જગ્યા/ટ્રેડ માટે વિચારાશે.

♦ જો એક્સ સર્વિસમેન ઉમેદવાર ઉપલબ્ધ નહિ હોય એક્સ સર્વિસમેન માટે અનામત જગ્યાઓ જે તે કેટેગરીમાં ઓપન ઉમેદવારોમાંથી ભરાશે

♦ **પગાર ધોરણ :** ઉપરોક્ત જગ્યાઓ માટે બેન્ડ-૧ રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ સાથે ગ્રેડ પે રૂા.૨૦૦૦/-

♦ **અન્ય ભથ્થા :** કેન્દ્ર સરકારના કર્મચારીઓને વખતોવખત નિયમો હેઠળ મળવાપાત્ર.

♦ **ફરજનું સ્થળ :** નિમણુંક માટે પાત્ર ઉમેદવારે પસંદગી માટે ભારતમાં ગમે ત્યાં ફરજ બજાવવી પડશે.

♦ નવી કન્ટ્રીબ્યુટરી પેન્શન સ્કીમ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટેની ૧-૧-૨૦૦૪થી અમલમાં આવી છે તે તમામ પસંદગી પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

♦ જે વ્યક્તિ સરકારી / અર્ધસરકારીના વિભાગમાં ફરજ બજાવતા હોય તેમણે '' કોઇ વાંધો નથી'' નું પ્રમાણપત્ર રોજગાર દાતાનું ભરતી વખતે રજુ કરવું પડશે. (સ્ટેજ નં.૧: પીએચટી/ પીઈટી વખતે)

♦ નોકરી કરતા સીઆરપીએફના જવાનોના સંતાનો કે જેઓ તેમના માતા-પિતા સાથે રહેતા હોય તેમણે તેમના ગૃહ રાજ્ય અથવા જ્યાં તેમના માતા/પિતા ફરજ બજાવતા હોય/નિયુક્ત હોય ત્યાંથી કરી શકશે. આ રાહત મેળવવા ભરતીની પ્રક્રિયા (સ્ટેજ-૧) વખતે યોગ્ય પ્રમાણપત્ર જ્યાં કામ કરતા હોય તે કચેરીના વડાના પ્રમાણપત્રને રજુ કરી મેળવી શકાશે આ અંગેનું ફોરમેટ એનેક્ષર 'ઇ'માં છે.

♦ **ઉપરોક્ત જગ્યા માટે પાત્રતાની શરતો નીચે મુજબ છે.**

**શૈક્ષણિક લાયકાત :** માન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી મેટ્રિક કે સમકક્ષ.

♦ **ટેકનિકલ લાયકાત**

૧. કોન્સ્ટેબલ (ફીટર)ની જગ્યા માટે, ઉમેદવાર NCVT માન્ય બે વર્ષનો મિકેનિકલ મોટર વ્હીકલનો આઈ.ટી.આઈ. કોર્સ કરેલો હોવો જોઈએ અથવા AICTE દ્વારા માન્ય ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ કર્યો હોવો જોઈએ. આ ઉપરાંત સબંધીત ટ્રેડનો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૨. સીટી (ડ્રાઈવર)ની જગ્યા માટે, ઉમેદવાર પાસે ટ્રાન્સપોર્ટ વ્હીકલ ચલાવવા અંગેનું કાયદેસરનું ડ્રાઈવીંગ લાયસન્સ હોવું જરૂરી છે. ભરતી સમયે ડ્રાઈવીંગ ટેસ્ટમાં પાસ થવું જરૂરી છે.

➔

૩. સિટી બ્યુગલર/ટ્રેલર/મોચી/ગાર્ડનર/પેઈન્ટર/પાઈપ બેન્ડ/ બ્રાસ બેન્ડ/ કૂક/વોટર કેરિયર/સફાઈ કર્મચારી/બાર્બર/વોશરમેન) માટે, ઉમેદવાર પાસે સારું વર્કિંગ નોલેજ જે તે ટ્રેડનું હોવું જરૂરી છે.

૪. ભરતી વખતે ઉમેદવારે ટ્રેડ ટેસ્ટ પસાર કરવો પડશે.

- **ઉંમર :** તારીખ ૧-૧-૨૦૧૫ના રોજ ૨૧ થી ૨૭ વર્ષ વચ્ચે અને ડ્રાઈવર માટે ૧૮ થી ૨૩ વર્ષ.
- **છૂટ :**

એ. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદાવારોને ઉપરની વયમર્યાદામાં ૫ વર્ષની અને અન્ય પછાત વર્ગ માટે ૩ વર્ષની છૂટ અપાશે.

બી. ૧૯૮૪ અને ૨૦૦૨ની રમખાણોમાં માર્યા ગયેલા શખ્શોના આશ્રિતોને પાંચ વર્ષની છૂટ મળી શકશે.

- **શારીરિક માપદંડ :**
- **ઊંચાઈ :**સામાન્ય શ્રેણીના પુરુષ ઉમેદવાર-૧૭૦ સે.મી. મહિલા ઉમેદવારો માટે : ૧૫૭ સે.મી.
- **છૂટ :** તમામ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે લઘુતમ ઊંચાઈ નીચે પ્રમાણે છે. પુરુષ ઉમેદવાર-૧૬૨.૫ સે.મી. મહિલા ઉમેદવારો માટે : ૧૫૦ સે.મી.
- **છાતી :** સામાન્ય શ્રેણીના ઉમેદવારો માટે ફુલાવ્યા વિના ૮૦ સે.મી. ફૂલાવીને ૮૫ સે.મી. (ઓછામાં ઓછું ૫ સે.મી.ફુલવું જોઈએ)
- **છૂટ :** તમામ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે છાતીની લઘુત્તમ પહોળાઈ ફુલાવ્યા વિના ૭૬ સે.મી. અને ફુલાવીને ૮૧ સે.મી. જરૂર.
- **વજન :** તબીબી માપદંડ મુજબ વય/ઊંચાઈ મુજબ.
- **તબીબી ધોરણ :** (એ) આંખની દ્રષ્ટિ : ૧. ચશ્મા વિના બંને આંખોથી લઘુત્તમ દષ્ટિ ૬/૬ અને ૬/૯ કોઈ દષ્ટિ વિના. ૨. રંગ/વર્ણાન્ધતા ન હોવી જોઈએ. (બી) ઉમેદવારને ધનુષાકાર પગ, પરસ્પર ટકેરાતા ઘુંટણ, સપાટ તળિયા, વેરીકોસ વેન, આંખ ત્રાંસી હોવી ન હોવું જોઈએ અને રંગોને ઓળખી શકતા હોવા જોઈએ. તેઓ માનસિક/શારીરિક રીતે સ્વસ્થ હોવા જોઈએ. તેમનામાં કોઈ દોષ ન હોય જેથી અસરકારક રીતે ડ્યુટી બજાવવામાં બાધા પેદા થાય.
- **માજી કર્મચારીઓ માટે ફરી રોજગારી માટેની પાત્રતા :**

સીઆરપીએફમાં માજી સૈનિકોની ભરતી માટે નીચેની છુટછાટો આપવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| (એ) | તબીબી માપદંડ | : | તમામ છુટછાટ |
| (બી) | શૈક્ષણિક લાયકાત | : | તમામ છુટછાટ |
| (સી) | ચારિત્ર પ્રમાણપત્ર | : | ઓછામાં ઓછી જરૂરિયાત સારી કેટેગરીમાં હોવી જોઈએ. |
| (ડી) | તબીબી માપદંડ | : | આકાર-આઈ |

(ઈ) **ઉપલી વયમર્યાદામાં છુટછાટ :** લશ્કરી સેવામાં છુટછાટ વત્તા ૩ વર્ષ ડીઓપીટી નોટિફિકેશન નં. ૩૦૧૬-૧૦-૭૯ એસ્ટે : આઈ તા.૧૫-૧૨-૭૯. આર્મી સેવા અને સીઆરપીએફમાં પુનઃ રોજગારી માટેનો સમયગાળો ૨૪ મહિના કરતા વધારે ન હોવો જોઈએ.

(એફ) માજી સૈનિકો માટે સીઆરપીએફમાં ભરતી ખાતે દોડ/PET લેવામાં નહીં આવે. તેમ છતાં પણ માજી સૈનિકોએ લેખિત પરીક્ષા, ટ્રેડ, ટેસ્ટ અને તબીબી પરીક્ષામાં હાજરી આપવાની રહેશે.

(જી) માજી સૈનિકોને પુન રોજગારી માટે આપવામાં આવેલો અનામત લાભ લીધા પછી નિયમિત ધોરણે ગ્રુપ સી ની જગ્યાઓમાં કેન્દ્ર સરકારના સિવિલ સાઈડમાં નોકરી મેળવનાર માજી સૈનિકો માજી સૈનિક કેટેગરી હેઠળ અનામત લાભના દાવા માટે ફી છુટછાટ માટે પાત્ર નથી.

- **અરજી અને અરજી ફી :**

➢ એપેન્ડીક્ષ-A માં આપવામાં આવેલા નમૂના પ્રમાણેની અરજી પાત્ર અને ઈચ્છુક ઉમેદવારોએ મોકલી આપવાની છે. સંપૂર્ણ ભરેલી અરજીઓ પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચે આપવામાં આવેલા સરનામા ખાતે **તા.૨૦-૧૨-૨૦૧૪** ના ૧૭-૦૦ કલાકે જે તે રાજ્યના ઉમેદવારોની અરજી પહોંચી જવી જોઈએ. અરજીના કવર પર કોન્સ્ટેબલ (ટેકનો. અને ટ્રેડ) સીઆરપીએફમાં ની જગ્યા ૨૦૧૪ માટેની અરજી એમ દર્શાવવાનું છે.

| **નિવાસી રાજ્ય** | **રાજ્ય સત્તાધિકારી જેમને અરજી મોકલી આપવાની છે અને જેમના નામે આઈપીઓ/ડીડી/બેન્કરનો ચેક લખવાનો છે.** |
|---|---|
| મહારાષ્ટ્ર માટે | ડીઆઈજીપી, ગ્રુપ સેન્ટર, સીઆરપીએફ, તાલેગાંવ, પૂણે, મહારાષ્ટ્ર-૪૪૦૦૧૯. |
| ગુજરાત માટે | ડીઆઈજીપી, ગ્રુપ સેન્ટર, સીઆરપીએફ, ચીલોડા રોડ ગાંધીનગર ગુજરાત-૩૮૨૦૪૨. |

➢ તમામ ઉમેદવારોએ તેમની અરજી સાથે રૂ.૨૬/- ની ટપાલ ટિકિટ લગાડેલું ૪''x૯'' સાઈઝનું પોતાના સરનામા વાળું કવર મોકવાનું છે.

➢ જનરલ અને ઓબીસી કેટેગરીના પુરુષ ઉમેદવારોએ તેમની અરજી સાથે રૂ.૫૦ની અરજી ફી આઈપીઓ, ડિમાન્ડ ડ્રાફટ/ બેન્કરના ચેકમાં નાયબ ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસના નામે અરજી સ્વીકારનાર સેન્ટરનો ઉલ્લેખ કરવો. આઈપીઓ, ડિમાન્ડ ડ્રાફટ બેન્કરનો ચેક વિજ્ઞાપન તારીખ પછીનો હોવો જોઈએ અને પોસ્ટ ઓફિસ, બેન્કમાં ચુકવણીપાત્ર હોય જ્યાં અરજી સ્વીકારનાર કેન્દ્ર આવેલું છે. જનરલ અને ઓબીસી કેટેગરીના પુરુષ ઉમેદવારોની અરજીઓ રદ કરવામાં આવશે.જો અરજી સાથે અરજી ફી ન સામેલ કરેલી હોય તો.

➢ એસસી, એસટી અને મહિલા ઉમેદવારોને ફી ચુકવણીમાંથી મુકિત આપવામાં આવે છે તે રીતે માજી સૈનિકોને પણ મુકિત આપવામાં આવે છે.

➢ પોતાના સરનામાવાળા બે કવરો અને અરજી ફી (આઈપીઓ, ડિમાન્ડ ડ્રાફટ, બેન્કરના ચેક જનરલ અને ઓબીસી ઉમેદવારો માટે) સિવાય અરજી સાથે કોઈ પણ દસ્તાવેજ મોકલવાના નથી.

➢ એક વાર ફી આપ્યા પછી તે કોઈ પણ સંજોગોમાં પરત નહિ મળે.

➢ ઉમેદવારો પોતપોતાના સેન્ટર ખાતે રાખવામાં આવેલા બોક્ષમાં અરજીપત્ર નાખી શકે છે.

➢ જે જગ્યા માટે અરજી કરેલી હોય તેનું નામ સ્પષ્ટ રીતે કોલમ નં. ૧૨ માં દર્શાવવાનું છે. જો આવું નહિ થાય તો અરજી રદ થશે.

➢ ઉમેદવારો પોતપોતાના સેન્ટર ખાતે અરજી રજૂ કરવાની છે. અન્ય કોઈ પણ સેન્ટર ખાતે મોકલવામાં આવતી અરજી રદ થશે.

➢ અધૂરી કે નિર્ધારીત નમૂના પ્રમાણે ન હોય તેવી અરજીઓ રદ થશે અને આ સબંધમાં કોઈ પણ પત્રવ્યવહાર ધ્યાનમાં નહિ લેવામાં આવે.

❑ **પસંદગીની પ્રક્રિયા :** જેમની અરજીઓ સ્વીકારવામાં આવે તેમને જે તે સેન્ટર દ્વારા કોલ લેટર આપવામાં આવશે. જેના સ્થળ અને તારીખના ઉલ્લેખ સાથે જે તારીખે તેમને હાજર રહેવાનું છે.

તબક્કો-૧ની પ્રારંભિક કસોટી ડ્રાઈવર અને ફીટર માટે અલગ છે, બાકીની બધી ભરતી પ્રક્રિયા બધી જગ્યાઓ માટે સમાન છે.

- **તબક્કો : ૧ : પીઈટી/પીએસટી (કોન્સ્ટેબલ ડ્રાઈવર અને ફિટર) (પુરુષ ઉમેદવારો માટે)**
- **ઊંચાઈ બાર :** શરૂઆતમાં જ ઉમેદવારોને ઊંચાઈ બાર અંગે જણાવવામાં આવશે ઓછી ઊંચાઈ ધરાવતા ઉમેદવારો ભરતી માટે પાત્ર નથી અને તેમને રદ સ્લીપ આપવામાં આવશે.
- **૫ કિ.મીની દોડ (કવોલીફાઈંગ) :** ઊંચાઈ બારમાં લાયક થતાં ઉમેદવારોએ ૨૪ મિનિટમાં ૫ કિ.મી.ની દોડ પુરી કરવાની રહેશે. **નોંધ :** ૫ કિમીની દોડમાં નાપાસ ઉમેદવારો ભરતીમાંથી રદ થશે અને તેમને તેના કારણ અંગે રીજેકશન સ્લીપ આપવામાં આવશે.
- **તબક્કો : ૧ : પીઈટી/પીએસટી (કોન્સ્ટેબલ ડ્રાઈવર અને ફિટર સિવાય તમામ જગ્યાઓ માટે)**
- **શારીરિક ક્ષમતા કસોટી :** ભરતીની શરૂઆતમાં જ ઉમેદવારોએ નીચે પ્રમાણે ૧.૬ કિમી દોડ પૂર્ણ કરવાની રહેશે.

| | |
|---|---|
| **પુરુષ ઉમેદવાર માટે** | **: ૧૦ મિનિટ** |
| **મહિલા ઉમેદવાર માટે** | **: ૧૨ મિનિટ** |

આ ટેસ્ટ પાત્રતા માટે છે. ઉમેદવાર તેમાં પાત્ર નહિ થાય તો ભરતી પ્રક્રિયામાંથી તે બહાર થશે અને પ્રીસાઈડીંગ અધિકારી તેમને બહાર કાઢવાની સ્લીપ આપશે.

- **દસ્તાવેજોની ચકાસણી :** જે ઉમેદવાર ૫ કિમીની દોડ કવોલિફાઈગ દોડમાં પૂરી કરશે તેમના મૂળ કાગળ/દસ્તાવેજો તપાસાશે અને ફકત યોગ્ય ઉમેદવારોને જ ભરતી પ્રક્રિયાના અન્ય તબક્કામાં પ્રવેશ આપશે. જો કોઈ ઉમેદવાર અપેક્ષિત કાગળ/દસ્તાવેજ/પ્રમાણપત્ર ઉપલબ્ધ નહિ કરાવે તો ભરતી પ્રક્રિયાથી બહાર કરાશે અને તેમને કોઈપણ સ્થિતમાં પ્રોવિઝનલ આધારે ભાગ લેવા દેવામાં નહિ આવે. એસસી અને એસટી, ઓબીસીના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ માટે આવા ઉમેદવારોએ પુરવણી બી અને સી પ્રમાણે જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું છે.
- **શારીરિક માપદંડ :**

➢ જે ઉમેદવારના દસ્તાવેજો યોગ્ય જણાશે તેમની અધિકારીઓના બોર્ડ દ્વારા ઊંચાઈ, છાતી, વજન વગેરે તપાસશે. શારીરિક માનદંડોમાં શરતો પૂરી કરશે તેમને વજનના કારણોસર નાપાસ થયેલા ઉમેદાવારોની પરીક્ષા મેડિકલ પ્રેકિટશનર દ્વારા કરવામાં આવશે.

➢ ભરતી પ્રણાલી દરમિયાન જો કોઈ ઉમેદવારને તેના શારીરિક માપદંડ અંગે સંતોષ ન જણાય તો તે ભરતી બોર્ડના પ્રિસાઈડિંગ અધિકારીને અપીલ કરી શકશે અને તેમનો નિર્ણય અંતિમ હશે.

- **તબીબી કસોટી પરીક્ષા :** તબીબી માપદંડ પૂર્ણ કરનાર તમામ ઉમેદવારોને આ કસોટીમાં ભાગ લેવા દેવામાં આવશે જેમાં નીચેનો સમાવેશ થાય છે.

➢ ૧૧ ફૂટ લાંબો કૂદકો (૩ પ્રયાસ આપવામાં આવશે)

➢ ૩ ફૂટ ૬ ઈંચ ઉંચો કૂદકો (૩ પ્રયાસ આપવામાં આવશે)

**નોંધ :** ઉમેદવારોએ ઉપરોકત તમામ કસોટી પાસ કરવાની છે. કોઈ પણ કસોટીમાં નાપાસ થતાં ઉમેદવારી ગુમાવી દેશે જેના માટે તેમને તેમના કારણો દર્શાવતી સ્લીપ આપવામાં આવશે. માજી સૈનિકો માટે કોઈ પીઈટી કસોટી નથી.

**બીજો તબક્કો (લેખિત પરીક્ષા)**

તબક્કા-૧ માં (પીએસટી, પીઈટી)માં પાસ ઉમેદવારોને લેખિતમાં જણાવવામા આવશે કે તેમને લેખિત પરીક્ષા અને સ્થળ માટે કઈ તારીખે હાજરી આપવાની છે. લેખિત પરીક્ષા નીચે પ્રમાણેની હશે. (૧) લેખિત પરીક્ષા ૧૦૦ ગુણની હશે એટલે કે બે ભાગમાં સામાન્ય જ્ઞાન ધો. ૧૦ પાસ વિદ્યાથીઓનું જેવું અને ભાગ ૨ ટ્રેડ જ્ઞાન. (૨) ભાગ ૧ નું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હશે જેમાં નીચેના હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો હશે. (એ) સામાન્ય જ્ઞાન, સામાન્ય સમજ (બી) પ્રાથમિક ગણિતનું જ્ઞાન (સી) એનાલિટિકલ જ્ઞાન (ડી) નિરિક્ષણ શકિત (ઈ) અંગ્રેજી અને હિન્દીનું જ્ઞાન. પ્રશ્નપત્ર અંગ્રેજી અને હિન્દી એમ બન્ને ભાષાઓમાં રહેશે. (૩) ભાગ-૨ નું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હેતુલક્ષી પ્રકારનું હશે જેમાં ઉમેદવારોના ટ્રેડ અંગેની જાણકારી હશે. કોઈ ચોક્કસ ટ્રેડ માટે અરજી કરતા ઉમેદવારોને ટ્રેડનું પેપર આપવામાં આવશે. (૪) પ્રશ્નપત્રમાં ઉત્તરો હિન્દી કે અંગ્રેજીમાં આપવાના છે. (૫) ભાગ-૧ અને ૨ ના પેપરોના જવાબો પેનનો ઉપયોગ કરીને આપવાના રહેશે. પેન્સીલના ઉપયોગની મંજૂરી નથી. (૬) લેખિત પરીક્ષાનો સમયગાળો ૨ કલાકનો રહેશે. (૭) લેખિત પરીક્ષાના પુનમુલ્યાંકન અને ફરી યોજવા અંગે કોઈ પણ પત્રવ્યવહારને ધ્યાનમાં નહિ લેવામાં આવે. (૮) ઉમેદવારોએ લેખિત પરીક્ષા માટે કલીપ બોર્ડ અને પેન લાવવાની રહેશે. (૯) મોબાઈલ ફોન, કેલ્યુલેટર કે અન્ય ઈલેકટ્રોનીક ઉપકરણો પર પ્રતિબંધ રહેશે તેથી ઉમેદવારો કસોટી વખતે આવા ઉપરકરણો ન લાવે. જો આવી ચીજો જણાશે તો તેને અયોગ્ય ઉપયોગ તરીકે ગણાશે અને યોગ્ય

➔

➔ પગલાં લેવામાં આવશે. (૧૦)લેખિત પરીક્ષાનું પરિણામ લેખિત પરીક્ષાના સેન્ટર ખાતે ડિસપ્લે કરવામાં આવશે. ઉમેદવારોને લેખિત પરીક્ષાની તારીખ અંગે જણાવવામાં આવશે. લેખિત પરીક્ષામાં પાસ થતાં ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર ખાતેથી પરિણામ જોયા પછી ટ્રેડ પરીક્ષા આપવાની છે. અલગ લેટર કે લેખિત પત્ર ટ્રેડ ટેસ્ટ માટે આપવામાં નહિ આવે.

**ત્રીજો તબક્કો (ટ્રેડ ટેસ્ટ)**

લેખિત પરીક્ષામાં લાયક ઠરતા ઉમેદવારોએ ટ્રેડ ટેસ્ટ આપવાનો રહેશે. ટ્રેડ ટેસ્ટ ક્વોલિફાઈડ હશે. ટ્રેડ ટેસ્ટ દરમિયાન ઉમેદવારને જે તે ટ્રેડ સંબંધિત કામ પૂરું કરવાનું જણાવવામાં આવશે. ૫૦ માર્કના ટ્રેડ ટેસ્ટ માટે પાસ માટે ઓછામાં ઓછા ૨૦ ગુણ લાવવાના છે. દરેક ટ્રેડ માટેના પેરામિટર નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. | ડ્રાઈવર | : ડ્રાઈવિંગનું જ્ઞાન, હેન્ડલિંગ ડ્રાઈવિંગ, પાર્કિંગ અને લાઈટ અને ભારે વાહનોની મરામત. |
| ૨. | ફિટર | : ઓટોમોબાઈલ ફિટર મોટર મિકેનીક ટ્રેડનું જ્ઞાન અને ટુલ હેન્ડલ કરવા. |
| ૩. | બ્યુગલર | : બ્યુગલ વગાડવાનું જાણતા હોય. |
| ૪. | દરજી | : વ્યકિતઓનું માપ લઈ શકતો હોવો જોઈએ, કટિંગ એન્ડ સ્ટીચિંગ ઓફ ટેરી કોટન યુનિફોર્મ સિવિલ ક્લોથ કટિંગ એન્ડ સ્ટીચિંગ ઓફ વોર્મ ક્લોથ, યુનિફોર્મ. |
| ૫. | મોચી | : તેમના ટ્રેડનું જ્ઞાન હોવું જોઈએ. બુટ પોલિશ, ઉપકરણો વાપરવા ચામડું કાપવું સાંધવું અને સ્ટીચીંગ ગરમ કપડા યુનિફોર્મ વગેરે. નવા બુટ બનાવવા. |
| ૬. | સુથાર | : ઉપકરણો હેન્ડલ કરવા, લાકડા કાપવા, ફિટિંગ, પોલીશિંગ અને મટીરીયલ ફિનિશિંગ, બારી-બારણાં લગાડવાનું જ્ઞાન બારીઓ પર કાચ લગાડવાનું કામ, લાકડાના બોક્ષ, રેક. |
| ૭. | પેઈન્ટર | : રંગો, પેઈન્ટ શેડ, પેઈન્ટિંગ, સાઈન બોર્ડ, પેન્ટિંગ અને ડ્રોઈંગની જાણકારી, મોટર ગાડીઓ પર સ્પે પેઈન્ટ કરવું. રંગોને મિલાવીને વિવિધ પેઈન્ટિંગ, ડિસટેમ્પરિંગ, બોર્ડ અને બેનર પર ચોખ્ખી રીતે અક્ષરો લખવા. લાકડા પર પેઈન્ટિંગ કરવું. સારી માત્રામાં પેઈન્ટની જાણકારી અને સીજીઆઈ શીટ પર પેઈન્ટ કરવું. |
| ૮. | ગાર્ડનર | : વૃક્ષારોપણની જાણકારી, છોડવાઓનું જતન, બીજની જાણકારી અને રોપવાની મોસમ, ખાતર અને પાણી. |
| ૯. | બ્રાસ બેન્ડ | : બ્રાસ બેન્ડ વગાડવાનું જ્ઞાન. |
| ૧૦. | પાઈપ બેન્ડ | : પાઈપ બેન્ડ વગાડવાનું જ્ઞાન. |
| ૧૧. | કુક | : ૧૦૦ વ્યકિતઓ માટે રોટલી અને ભાત/શાક/દાળ/સંભાર/ઈડલી વગેરે બનાવવું. મીટ/માંછલી ઈંડા/ખીર વગેરે બનાવવું. |
| ૧૨. | જલવાહક | : વાસણો ધોવા, ૧૦૦ વ્યકિતઓ માટે રોટલી બનાવવા માટે લોટ બાંધવો અને શાકભાજી કાપવી. |
| ૧૩. | સફાઈ | : ફર્શ, ખાલી સ્થાન પર પોતું મારવું કર્મચારી અને શૌચાલયો તથા બાથરૂમ સાફ કરવું. |
| ૧૪. | વાળંદ | : ઉપકરણો ઉપયોગ, વાળ અને દાઢી કટિંગ કરવું |
| ૧૫. | ધોબી | : કપડા ધોવા, ખાખી કોટન વર્દી અને ટેરિકોટન વર્દી પર ઈસ્ત્રી કરવી. |
| ૧૬. | હેર ડ્રેસર | : મહિલાઓના વાળ કાપવા તથા ઓજારોનો ઉપયોગ કરવો. |

**(બી) તબીબી પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી**

ઉમેદવારોની સંખ્યા મેડિકલી રીતે જગ્યાઓની સમાન હશે જે તબીબી કસોટી દરમિયાન નિષ્ફળતા દર પ્રમાણે હશે.

(સી) તબીબી કસોટી માટે પસંદગી પામેલા ઉમેદવારોની વિગતો લેખિત પરીક્ષા સેન્ટર ખાતે મૂકવામાં આવશે. ઉમેદવારોને લેખિત પરીક્ષાની તારીખ અંગે જણાવવામાં આવશે.

**ચોથો તબક્કો (તબીબી પરીક્ષા)**

(એ) ટ્રેડ ટેસ્ટ અને નિર્ધારીત ગુણમાં લાયક ઠરતા ઉમેદવારો (લેખિત પરીક્ષાના માર્ક પ્રમાણે) ની શારીરિક અને તબીબી ફિટનેશની ચકાસણી કરવામાં આવશે તબીબી કસોટી દરમિયાન હંગામી અનફિટનેશ આપવામાં આવશે.

**(બી) તબીબી પરીક્ષાની વિરુધ્ધમાં અપીલ/પ્રતિવેદન**

તબીબી પરિણામમાં જે ઉમેદવાર કે.રિ.પુ. બલમાં નિયુકતી માટે અયોગ્ય જાહેર થાય તો તે ઉમેદવારને ભરતી બોર્ડના પીઠાસીન અધિકારી દ્વારા અસ્વીકાર થયાના કારણો જણાવવામાં આવશે. જો કોઈ ઉમેદવાર તબીબી અધિકારીના તારણોથી સંતુષ્ટ ન થાય તો તે ફરી પરીક્ષણ માટે મેડિકલ પ્રમાણપત્રમાં આપવામાં આવેલા નમૂના પ્રમાણે તેની ફિટનેશના સાક્ષ્યના રૂપમાં રજૂ કરી શકે છે.

**પાંચમો તબક્કો : અંતિમ મેરિટ યાદી બનાવવી.**

તબીબી પરીક્ષા પૂર્ણ થયા બાદ વિવિધ અનામત કેટેગરી મુજબ જગ્યાની અંતિમ મેરિટ યાદી બનાવાશે.

**છઠ્ઠો તબક્કો : (અંતિમ પસંદગી)**

(૧) ઉમેદવારને અંતિમ પસંદગી શ્રેણીમાં લેખિત ટેસ્ટની યાદીના આધારે કરવામાં આવશે. જે નીચે પ્રમાણે છે.

(ક) સામાન્ય, ભુ. સૈ. : ૩૫ ટકા

(ખ) એસસી, એસટી,ઓ.બી.સી. : ૩૩ ટકા

❑ ઉમેદવારે નીચેના મૂળ દસ્તાવેજની નકલો ભરતીના સમયે લાવવાના છે.

♦ શૈક્ષણિક લાયકાત

♦ જન્મતારીખ (ધોરણ ૧૦ પાસ પ્રમાણપત્ર)

♦ નિવાસી રાજ્યની સાબિતી તરીકે સક્ષમ અધિકારીનું નિવાસી પ્રમાણપત્ર

♦ એસસી, એસટી અને ઓબીસી પ્રમાણપત્ર જ્યાં લાગુ હોય ત્યાં, જેને રાજપત્રિત અધિકારી દ્વારા જારી કરવામાં આવેલું હોય. જેમાં તેમનો હોદ્દો મામલતદારની નીચે ન હોય. જેનો પત્ર અને બી. અને સી આપવામાં આવેલું હોય.

♦ મૂળ ડ્રાઈવિંગ લાઈસન્સ અને ટેકનીકલ ટ્રેડ:, પ્રોફેશનલ પ્રમાણપત્ર.

♦ એક વર્ષનું અનુભવ પ્રમાણપત્ર (કોન્સ્ટેબલ ફિટર માટે પેરા-૮ (બી) ૧ માં જણાવ્યા પ્રમાણે

♦ માજી સૈનિક માટે ડિસ્ચાર્જ પ્રમાણપત્ર

♦ વાંધા નહિ પ્રમાણપત્ર સરકારી, અર્ધ સરકારી વિભાગનું.

♦ સીઆરપીએફ કર્મચારીઓ સેવાના કિસ્સામાં હોમ સ્ટેટ કરતા અન્ય કોઈ રાજ્ય વતી અરજી કરતા હો તેઓ પુરવણી ઈ પ્રમાણે પ્રમાણપત્ર રજુ કરે.

♦ ચાર પાસપોર્ટ સાઈઝના ફોટાઓ.

♦ મૂળ પ્રમાણપત્રોની ઉપરાંત ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, જાતિ, ટેકનીકલ ટ્રેડ અને અનુભવ પ્રમાણપત્ર, ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરે ગેઝેટેડ ઓફિસર દ્વારા પ્રમાણિત.

♦ જો કોઈ ઉમેદવાર અયોગ્ય જણાય અથવા કોઈપણ માહિતી છુપાવતો જણાય તે કે તેણીની નિમણુંક, પસંદગી પહેલા કે પછી તો તે કે તેણીની ઉમેદવારી રદ થશે.

**❑ સામાન્ય સૂચનાઓ**

♦ સંબંધિત ભરતી બોર્ડનો નિર્ણય અંતિમ હશે.

♦ નિમણુંક થતાં ઉમેદવારોને સીઆરપીએફ ધારાના ધારાધોરણો લાગુ પડશે સરકારી સુચના નિયમો પ્રમાણે સમયાનુસાર લાગુ પડતા હોય તેવા ધારાધોરણો પ્રમાણે.

♦ ઉમેદવારે આ પસંદગી ટેસ્ટ માટે પોતાના ખર્ચે હાજર રહેવું પડશે, તેના માટે કોઈપણ પ્રકારનું ભથ્થું નહિં આપવામાં આવે. ભરતી સમય ગાળામાં રોકાવાની સગવડ પોતાની રીતે કરવી પડશે. ૨૦-૩૦ દિવસની રોકાણની તૈયારી કરીને આવવું.

♦ ઉમેદવારોએ રેસ કે પીઈટી માટે પુરતી પ્રેક્ટિશનની સલાહ આપવામાં આવે છે. તેમને નિર્ધારિત અંતરની દોડ માટેની પોતાની પાત્રતા અંગેની પણ સલાહ આપવામાં આવે છે. વિભાગ, ભરતી ટેસ્ટ દરમ્યાન કોઈપણ પ્રકારની દુર્ઘટના ઈજા માટે જવાબદાર રહેશે નહિં.

♦ શૈક્ષણિક પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, ડ્રાઈવિંગ લાઈસન્સ અને અન્ય દસ્તાવેજોકે પુરાવાઓ સ્ટેજ-૧ (પીએસટી,પીઈટી) વખતે મુળ લાવવાના છે. મુળ દસ્તાવેજો ન રજુ કરનાર ઉમેદવારોને શરૂઆતમાં ગેરલાયક ઠેરવવામાં આવશે.

♦ અનામતના લાભ લેતા એસસી, એસટી,, ઓબીસી અને માજી સૈનિકોએ એવી ખાતરી કરવી કે તેમને વિજ્ઞાપનમાં આપવામાં આવેલા માનકો પ્રમાણે અનામત મળે. તેમના દાવા માટે તેમની પાસે ભારત સરકાર દ્વારા નિર્ધારિત પ્રમાણપત્ર હોવું જોઈએ.

♦ મેટ્રીક્યુલેશન, સેકન્ડરી પ્રમાણપત્ર પરીક્ષામાં જણાવેલી જન્મતારીખ અથવા સમાન પ્રમાણપત્ર ભરતીના કોર્સ દરમિયાન વય માપદંડ માટે સ્વીકારવામાં આવશે અને ત્યારપછી તેમાં સુધારા માટે કોઈ પણ વિનંતી ધ્યાનમાં નહિ લેવામાં આવે.

♦ પરીક્ષાના તમામ સ્તરે ઉમેદવારોનું એડમિશન સંપૂર્ણપણે પ્રોવિઝનલ હશે તે ભરતી પ્રણાલીના માનકો અધિન હશે. ભરતી પ્રણાલીના અંતે તબીબી પરીક્ષામાં ભાગ લેવાથી નિમણુંક મળી જતી નથી. જગ્યાઓની ફાળવણી પ્રમાણે દરેક કેટેગરી માટે, દરેક જગ્યા માટે મેરિટ યાદીમાંથી નિમણુંક ઓફર કરવામાં આવશે.

♦ નિમણુંક માટે પસંદગી પામેલા ઉમેદવારોએ ચેસ્ટ, એક્ષ રે, પેથોલોજીકલ ટેસ્ટ આપવાના છે સીઆરપીએફ મેડીકલ અધિકારીની હાજરીમાં અથવા તો અધિકૃત અધિકારીની હાજરીમાં.

♦ આ જગ્યા સંપૂર્ણપણે હંગામી છે. પરંતુ કાયમી થવાની સંભાવના છે.

♦ પસંદગી પામેલા ઉમેદવારોએ સીઆરપીએફના તાલીમ કેન્દ્ર ખાતે નિર્ધારિત સમયગાળાની તાલીમ આપવાની રહેશે. જો કોઈ ઉમેદવાર નિર્ધારિત તાલીમ પુરી ન કરે તો તેની સેવા રદ થશે.

♦ ભરતી માટે આજીજી કરવી અથવા તો બહારની લાગવગ લાવવાથી ઉમેદવારને ભરતીમાંથી રદ કરી નાખવામાં આવશે.

♦ યોગ્ય કૌશલ્ય, ક્ષમતા, ફિટનેશ અને સંબંધિત ટ્રેડનું જ્ઞાન ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવી.

♦ અરજી કરતા પહેલા નોંધણી માટે હાજર રહેવા માંગતા તમામ ઉમેદવારો શૈક્ષણિક અને ટેકનીકલ લાયકાત, વય, શારીરિક માપદંડની જરૂરીયાત ચકાસી લેવી અને તે જગ્યા માટે પાત્ર હોય.

♦ ભરતી કેન્દ્રોમાં મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો પર પ્રતિબંધ છે.

♦ ભરતી સબંધિત વિસ્તૃત પ્રક્રિયા જાણકારી સીઆરપીએફની વેબસાઈટ www.crpf.nic.in અથવા www.crpf.gov.in અથવા નીચેના ફોન નંબર અને ઈમેઈલ આઈડી પરથી મેળવી શકાય છે.

| રાજ્ય | કચેરીનું નામ | હેલ્પલાઈન નં.ઈ મેઈલ આઈડીઃ |
|---|---|---|
| મહારાષ્ટ્ર | જીસી સીઆરપીએફ -પુણે | ૦૨૧૧૪-૨૨૨૮૦૦ gcpune@crpf.gov.in |
| ગુજરાત | જીસી સીઆરપીએફ -ગાંધીનગર | ૦૭૯-૨૩૨૦૧૩૨૬ gcgnr@crpf.gov.in |

♦ સરકાર વર્કફોર્સ હોવા માટેનો પ્રયાસ કરે છે જે જાતિ સમાનતાની હિમાયત કરે છે અને મહિલા ઉમેદવારોને કોન્સ્ટેબલ(બ્યુગલર, ગાર્ડનર અને કુક, વોટર કેરિયર, હેર ડ્રેસર, વોટર વુમન, ટેઈલર, સફાઈ કર્મચારી)ની જગ્યાઓ માટેની ભરતીમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપે છે.

ડીઆઈજીપી(વહિ) સધર્ન સેક્ટર,
સીઆરપીએફ. ●

**(અરજી ફોર્મનો નમૂનો ડાઉનલોડ કરવા દર્શાવેલી વેબસાઈટ જોવી)**

# ગુજરાત સરકાર - આદિજાતિ વિકાસ વિભાગ

## ડેવલમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત

**ત્રીજો માળ, બિરસામુંડા ભવન - ગાંધીનગર**

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) એ ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત અને નોંધાયેલ સ્વાયત્ત સંસ્થા છે. મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ - વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ લોકોની આવક બમણી કરવા માટે વોકેશન ટ્રેનીંગ સેન્ટર અંતર્ગત વિવિધ કોર્ષની તાલીમ આપવામાં આવે છે. જે નીચે જણાવેલ સેન્ટરમાં રહેવા, જમવાની સુવિધાની સાથે રેસીડેન્શીયલ કાર્યક્રમો ચલાવવામાં આવે છે જેમાં પ્રવેશ લેવા માટે નીચે જણાવેલ સેન્ટરોનો સંપર્ક કરવો.

| સેન્ટરનું નામ | સેન્ટરનું સરનામું | પ્રાયોજના વહીવટદારની કચેરી |
|---|---|---|
| વાગલધારા વિકાસ કેળવણી મંડળ | વાગલધારા વિકાસ કેળવણી મંડળ, ને.હા. ૮ વાગલધારા, જી. વલસાડ ફો. ૦૨૬૩૨-૨૯૦૩૫૦/૨૯૬૨૯૭ | પ્રાયોજના વહીવટદારની કચેરી, જીલ્લા સેવા સદન, ૨, ત્રીજો માળ, વલસાડ જી. વલસાડ. ફોન : ૦૨૬૩૨-૨૫૦૬૦૧ |
| અતુલ ઈન્સ્ટિટયૂટ ઓફ વોકેશનલ એક્ષેલન્સ | ઓજરપાડા, ધરમપુર નગરપાલિકા વોટર વર્કસ, તા. ધરમપુર, જી. વલસાડ ફો. ૦૨૬૩૨-૨૩૩૮૮૪ | પ્રાયોજના વહીવટદારશ્રી કચેરી, જીલ્લા સેવા સદન, ૨, ત્રીજો માળ, વલસાડ જી. વલસાડ. ફોન : ૦૨૬૩૨-૨૫૦૬૦૧ |
| વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એન્ડ એન્ટપ્રીનયુરીયલ કોમ્પેટસી | મુ. પો. કલાલી, જી. વડોદરા ફો. ૦૨૬૫-૨૬૮૦૦૬૧/૨૬૮૦૭૦૨ | પ્રાયોજના વહીવટદારની કચેરી, કોર્ટ બિલ્ડીંગની સામે, કલેકટર કચેરીની ઉપર, પહેલો માળ, છોટાઉદેપુર, જી. છોટાઉદેપુર ફો. ૦૨૬૬૯-૨૩૨૦૦૬ |
| એ.જી.આઈ.ડી.ટી. ટી.આર. | મુ.પો. ગજાધરા, તા. વાઘોડીયા, જી. છોટાઉદેપુર, ફો. ૦૨૬૬૮-૨૯૦૪૪૪ | પ્રાયોજના વહીવટદારની કચેરી, કોર્ટ બિલ્ડીંગની સામે, કલેકટર કચેરીની ઉપર, પહેલો માળ, છોટાઉદેપુર, જી. છોટાઉદેપુર ફો. ૦૨૬૬૯-૨૩૨૦૦૬ |
| મુની સેવા આશ્રમ | મુ.પો. ગોરજ, તા. વાઘોડીયા, જી. છોટાઉદેપુર, ફો. ૦૨૬૫-૩૯૬૧૩૦૦ ફો. ૯૬૬૨૫૨૩૫૩૩ | પ્રાયોજના વહીવટદારની કચેરી, કોર્ટ બિલ્ડીંગની સામે, કલેકટર કચેરીની ઉપર, પહેલો માળ, છોટાઉદેપુર, જી. છોટાઉદેપુર ફો. ૦૨૬૬૯-૨૩૨૦૦૬ |
| ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ | કંચન કુંજ, આનંદ ભવન, પોસ્ટ બેઝિક હાઈસ્કુલની પાસે, ચકલિયા રોડ, દાહોદ ફો. ૦૨૬૭૩-૨૨૧૩૧૧ | પ્રાયોજના વહીવટદારની કચેરી, તા. જી. દાહોદ ફો. ૦૨૬૪૨-૨૨૨૩૩૧ |
| સેવા રૂરલ ટ્રસ્ટ | મુ. પો. ઝઘડિયા, જી. ભરૂચ ફો. ૦૨૬૪૫-૨૨૦૦૨૧ | પ્રાયોજના વહીવટદારની કચેરી, જિલ્લા સેવા સદન કંપાઉન્ડ, તા. જી. ભરૂચ. ફો. ૦૨૬૪૨-૨૨૨૩૩૧ |
| સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાસ્ટિક એન્જિનિયરીંગ ટેકનોલોજી | પ્લોટ નં. ૬૩૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫. | તમામ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીઓની વિગત વેબસાઈટ http://dsag.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. |

૧. ઉપરોક્ત સેન્ટરોમાં તાલીમ લેવા માટે ઈચ્છુક તાલીમાર્થીઓએ ઉપર જણાવેલ સરનામા પરથી માહિતી મેળવી અને પોતાનુ નામ રજીસ્ટર કરાવવાનું રહેશે. બીજા જીલ્લાઓની કચેરીઓનું સરનામુ અને ફોન નં. અમારી વેબસાઈટ પરથી જોવું.
૨. દરેક સેન્ટરો પર વિવિધ કોર્ષની તાલીમ આપવામા આવે છે એક તાલીમાર્થી કોઈ પણ એક જ કોર્ષમાં પ્રવેશ મેળવી શકશે.
૩. અલગ અલગ કોર્ષનો સમયગાળો અલગ અલગ રહેશે.
૪. તાલીમ મેળવ્યા બાદ તાલીમાર્થીને પ્લેસમેન્ટ પણ જે તે સેન્ટર દ્વારા કરાવવામાં આવશે.
૫. વધુ માહિતી માટે વેબસાઈટ http://dsag.gujarat.gov.in જોવી.

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY

**Patan - 384 265**

Application are invited for the following Adhoc, tenure and contractual basis posts of the teaching department of the University with consolidated fixed remuneration under UGC XIIth plan. The prescribed form alongwith details are available from cash counter on payment of Rs. 250/- (Rs. 100/- in the cae of SC/ST) in cash or by a D.D.in favour of Registrar, Hemchandracharya North Gujarat University Patan (N.G.) or can be download from the university website www.ngu.ac.in that case, a D.D. of Rs. 250/- (Rs. 100/- in the case of SC/ST) for the form fee shall have to be sent alongwith filled up form. The filled-up form alongwith details is to be sent to the undersigned on or before 31/12/ 2014.

Adhoc, Tenure & contractual Basis Position under UGC XII Plan, (up to the and of XII plan period)

| Sr. No. | Subject | Name & No. of Post |
|---|---|---|
| 1. | Sanskrit & Bhartiyavidya | Lecturer-1 |
| 2. | English | Lecturer-1 |
| 3. | Deptt. of Commerce & Management (MBA Programme) (Finance) | Lecturer-1 (Finance) |
| 4. | Chemistry In organic | Lecturer-1 |
| 5. | Mathematics | Lecturer-1 |
| 6. | Life Science Botany | Lecturer-1 |

**Condition :**

1. Knowledge of Gujarati is essential but those who do not know Gujarati shall have to pass Gujarati examination as may be prescrbied by the University.
2. Qualificaiton of the above posts shall be as per UGC, AICTE, and University norms.
3. The above posts cease to exist when the XII, plan period of UGC is over and the appointment shall deem to be terminated automatically without any notice at the end of the XII plan period.
4. The candidates having cleared SET from the State other than Gujarat shall not be considered for appointment.

# કરન્ટ અફેર્સ

**❑ ૩૭મો જમનાલાલ બજાજ ફાઉન્ડેશન એવોર્ડ એનાયતઃ**

મુંબઇ ખાતે આયોજીત સમારંભમાં ૩૭મો જમનાલાલ બજાજ ફાઉન્ડેશન એવોર્ડ ત્રણ ભારતીય અને એક વિદેશી મહાનુભાવને એનાયત કરવામાં આવ્યો હતો.ભારતના - ચેન્નુપતિ વિદ્યા (આંધ્ર પ્રદેશ), સુરેન્દ્ર કૌલગી (કર્ણાટક), રામકુમાર સીંઘ (ગુજરાત) અને થાઇલેન્ડના સુલક સીવારસ્કાને એનાયત કરવામાં આવ્યો હતો.

**❑ ૨૦૧૬ના સાર્ક સંમેલનનું યજમાન ઈસ્લામાબાદ બનશે :**

સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજિયોનલ કો-ઓપરેશન (સાર્ક)નું આગામી ૨૦૧૬માં યોજાનાર ૧૯મું સંમેલન ઈસ્લામાબાદમાં યોજાશે.હાલમાં જ કાઠમંડુ ખાતે આયોજીત ૧૮માં સાર્ક સંમેલનના સમાપન સમારંભમાં સાર્કના ચેરમેન અને નેપાળના વડાપ્રધાન સુશીલ કોઇરાલાએ તેની જાહેરાત કરી હતી.દક્ષિણ ઍશિયાના આઠ રાષ્ટ્રો દ્વારા બનેલું સાર્ક આર્થિક અને ભૂરાજકીય સંગઠન છે.આઠ રાષ્ટ્રોમાં ભારત, પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકા, ભૂટાન, બાંગ્લાદેશ, માલદિવ્સ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે.

**❑ પી.વી.સંધુએ મકાઉ ગ્રાન્ડ પ્રિકસ ગોલ્ડ બેડમિંટન ટાઇટલ જીત્યું :**

ભારતીય મહિલા બેડમિંટન પ્લેયર પી.વી.સંધુએ મકાઉ ગ્રાન્ડ પ્રિકસ ગોલ્ડ બેડમિંટન ટાઇટલ હાંસલ કર્યુ હતું.મહિલા સિંગલ્સની ફાઇનલમાં કોરીયાની કીમ હ્યો મીનને હરાવી આ ટાઇટલ જીતી લીધું હતું.૨૦૧૪ની સિઝનનું આ તેનું પ્રથમ ટાઇટલ હતું.

**❑ ન્યુકલિયર કેપેબલ અગ્નિ-૫ મિસાઈલનું સતત ચોથું સફળ પરિક્ષણ :**

૪૦૦૦ કિ.મી.ની રેંજવાળી ન્યુકલિયર કેપેબલ અગ્નિ-૫ મિસાઇલનું ભારત દ્વારા ઓરિસ્સાના ડિફેન્સ બેઝ ઉપરથી સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું.ભૂમિથી ભૂમિ પર પ્રહાર કરવાની ક્ષમતાવાળી આ મિસાલનું પરિક્ષણ ભારતીય સેનાના સ્ટ્રેટેજીક ફોર્સિસ કમાન્ડ (SFC) દ્વારા કરવામાં આવ્યું હતું.અગ્નિ-૫નું આ સતત ચોથું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું છે.આ અગાઉ નવેમ્બર-૧૧, સપ્ટેમ્બર-૧૨ અને જાન્યુઆરી-૧૪માં સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું.અગ્નિ-૫ મિસાઇલ ભારતીય સેનામાં સામેલ થઇ ચૂકી છે.

**❑ મહારાષ્ટ્ર અને અરૂણાચલ પ્રદેશના માજી મુખ્યપ્રધાનના નિધનઃ**

મહારાષ્ટ્રના માજી મુખ્યપ્રધાન એ.આર.અંતુલેનું મુંબઇ ખાતે નિધન થયું હતું.તેઓ જૂન-૧૯૮૦થી જાન્યુઆરી-૧૯૮૨ દરમ્યાન મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન રહ્યા હતા.મુખ્યપ્રધાનના કાર્યકાળ દરમ્યાન ભ્રષ્ટાચારના આક્ષેપો થતાં તેઓને પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું.અરૂણાચલ પ્રદેશના માજી મુખ્યપ્રધાન જરબોમ ગામલીનનું નિધન થયું હતું.મે-૨૦૧૧માં તત્કાલિન મુખ્યપ્રધાન દોરજી ખાંડુનું હેલિકોપ્ટર દૂર્ઘટનામાં અવસાન થતાં તેઓ મુખ્યપ્રધાન બન્યા હતા.

**❑ રશિયન ફિલ્મ 'લેવિયાથાન' ને જીત્યો IFFI ૨૦૧૪નો ગોલ્ડન પિકોક એવોર્ડ :**

પણજી ખાતે ૨૦ થી ૩૦મી નવેમ્બર દરમ્યાન આયોજીત ૪૫માં ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા (**IFFI** )માં રશિયન ફિલ્મ 'લેવિયાથાન' ને પ્રતિષ્ઠિત ગોલ્ડન પિકોક એવોર્ડ જીત્યો હતો.જ્યારે મરાઠી ફિલ્મ 'એક હજારચી નોટ' એ સેન્ટેનરી એવોર્ડ હાંસલ કર્યો હતો.

**❑ દેશના ૧૧ રાજ્યોના ૫૪ જિલ્લાઓમાં DBTLયોજના લાગુ :**

કેન્દ્ર સરકાર દ્વારા દેશના ૧૧ રાજ્યોના ૫૪ જિલ્લાઓમાં (કેરલના તમામ જિલ્લામાં) સુધારેલી નવી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર ઓફ LPG (DBTL) યોજના લાગુ કરવામાં આવી છે.દેશના અન્ય રાજ્યોમાં આ યોજના ૧લી જાન્યુઆરી, ૨૦૧૫થી લાગુ પડશે.આ યોજના અન્વયે જે ગ્રાહકો પાસે આધાર નંબર નથી તેઓ સબસીડીની રકમ સીધી બેંક ખાતામાંથી રોકડમાં મેળવી શકશે.આ યોજના દ્વારા સરકારનો લક્ષ્યાંક એલપીજી સબસીડીનું ભારણ જે રૂ.૪૩૦૦૦ કરોડનું છે તેમાં ૧૫ ટકા જેટલો ઘટાડો કરવાનો છે.

## અન્ય જાહેરખબર

- **ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ પ્રોડકશન (હેવી વ્હીકલ્સ) અવાડી (ચેન્નાઈ)**

  **જગ્યાનું નામ** : સ્ટેનોગ્રાફર, સિવિલિયન મોટર ડ્રાઈવર ટેકનિશિયન

  **જગ્યાની સંખ્યા** : ૦૭

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૮-૧૨-૨૦૧૪

- **બનારસ હિન્દૂ યુનિવર્સિટી : વારાણસી**

  **જગ્યાનું નામ** : ડે. મેડિકલ સુપ્રિ., મેડિકલ ઓફિસર, જુ. કલાર્ક, ડે. નર્સિંગ સુપ્રિ., સ્ટાફ નર્સ, પેરા મેડિકલ સ્ટાફ વોર્ડ સહાયક, ઓ.ટી. એટેન્ડન્ટ, સેનેટરી ઈન્સ્પેકટર, જુનિ. મેડિકલ સોશ્યલ વર્કર, ફિઝીયોથેરાપિસ્ટ, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, ઓર્થોપિટિસ્ટ, ટેકનિકલ આસિ., લેબ. એટેન્ડન્ટ, જુનિ. એન્જિનિયર (ઈલે./સિવિલ)

  **જગ્યાની સંખ્યા** : ૩૮૪

  **ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૫-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.bhu.ac.in.

- **પાવર ફિનાન્સ કોર્પોરેશન લિમિટેડ : નવી દિલ્હી**

  **જગ્યાનું નામ** : સિનિયર મેનેજર, ડે. મેનેજર, આસિ. મેનેજર (ટેકનિકલ), આસિ. મેનેજર, ઓફિસર (ટેકનિકલ), ઓફિસર (એનટાઈટી અપ્રેઝલ / ફિનાન્સ / લિગલ), ઓફિસર, જુ. એકાઉન્ટન્ટ, ટ્રાન્સલેટર (હિન્દી)

  **જગ્યાની સંખ્યા** : ૩૬

  **ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૫-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.pfcindia.com

- **ઓર્ડેનન્સ પેરાશુટ ફેક્ટરી : કાનપુર**

  **જગ્યાનું નામ** : એલડીસી, સ્ટોર કીપર, ફાયરમેન, દરવાન, સુપરવાઈઝર, ફોટોગ્રાફર, રસોઈયા

  **જગ્યાની સંખ્યા** : ૪૮

  **ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧-૧-૨૦૧૫

  **વેબ સાઈટ** : www.parachutekanpur.gov.in

- ICAR - **રિસર્ચ કોમ્પલેક્ષ ફોર ઈસ્ટર્ન રીજીયન : પટના**

  **જગ્યાનું નામ** : સ્કીલ સપોર્ટીંગ સ્ટાફ

  **જગ્યાની સંખ્યા** : ૩૨

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૩૦-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.icarrcer.in

- **હેડ ક્વાર્ટસ - ૧ સિગ્નલ ટ્રેનિંગ સેન્ટર : જબલપુર**

  **જગ્યાનું નામ** : એલડીસી, સિવિલિયન મોટર ડ્રાઈવર, ફટીગ્યુમેન, રસોઈયા, ધોબી, વાળંદ, મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ

  **જગ્યાની સંખ્યા** : ૧૯

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૮-૧૨-૨૦૧૪

- **મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ - ૧ ફિલ્ડ ઓર્ડેનન્સ ડિપોટ - પીન 909901, C/o 56 APO**

  **જગ્યાનું નામ** : એલડીસી, સિવિલિયન મોટર ડ્રાઈવર, મેસેન્જર, સફાઈવાળા, ફાયરમેન, મઝદૂર, બુક બાઈન્ડર, ટેન્ટ મેન્ડર

  **જગ્યાની સંખ્યા** : ૪૩

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : : ૧૮-૧૨-૨૦૧૪

- **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ : નવી દિલ્હી**

  **જગ્યાનું નામ** : પ્રાઈવેટ સેક્રેટરી, આસિસ્ટન્ટ (જ્યુડીશીયલ), લાયબ્રેરીયન, સ્ટેનોગ્રાફર

  **જગ્યાની સંખ્યા** : ૫૧

  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૦-૧૨-૨૦૧૪

  **વેબ સાઈટ** : www.greentribunal.gov.in

- **ડિઝલ લોકોમોટીવ વર્કસ : વારાણસી**

  **જગ્યાનું નામ** : સ્પોર્ટસ ક્વોટામાં રમતવીરોની ભરતી

  **જગ્યાની સંખ્યા** : ૨૫

  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૫-૧-૨૦૧૫

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૨૯-૧૧-૨૦૧૪)**

# જોબ ઍપ્લિકેશન ફંડા - ૪

ગયા લેખમાં ઈન્ટરવ્યૂને ક્રેક કરવા માટેની ૨૦ જેટલી ટિપ્સની ચર્ચા બાદ આજે બાકીની ૨૦ ટિપ્સની ચર્ચા કરીએ....

**૨૧. ઈન્ટરવ્યૂઅરોને અલગ પ્રકારનું અભિવાદન :** ઈન્ટરવ્યૂ પેનલમાં સ્ત્રી ઈન્ટરવ્યૂઅર હોય, ત્યારે તેઓને અલગ પ્રકારનું અભિવાદન કરવું. સામાન્ય રીતે પુરૂષ ઈન્ટરવ્યૂઅરને હાથ મિલાવતા હોય, તો સ્ત્રી કર્મચારીને બંને હાથ જોડીને 'નમસ્તે' કરવા.

**૨૨. ઈન્ટરવ્યૂઅરને સંબોધન :** સામાન્ય રીતે પુરૂષ ઈન્ટરવ્યૂઅરને 'સર' કે 'મિસ્ટર' સંબોધન કરાતું હોય છે, જ્યારે સ્ત્રી ઈન્ટરવ્યૂઅરને 'મેડમ' કે 'મેમ'. હવે જો ઈન્ટરવ્યૂ પેનલમાં ઉમેદવારના 'અંકલ' કે 'આન્ટી' હોય, તો પણ તેણે ફોમર્લ સંબોધન 'સર' કે 'મેડમ'નું જ કરવું. પોતે કોઈ ઈન્ટરવ્યૂઅરના ઓળખાણમાં છે, તેની જાણ ઈન્ટરવ્યૂ પેનલના અન્ય સભ્યોને થવી ન જોઈએ.

**૨૩. ઈન્ટરવ્યૂ અને પાર્ટીનો તફાવત :** ઈન્ટરવ્યૂ એ પાર્ટી નથી. આથી વધુ પડતું અત્તર લગાડવું નહીં. તેજ પ્રમાણે સ્ત્રી ઉમેદવારોએ ઓવર મેકઅપ કરવો નહીં. વાળ કોરા તેમજ તેલ પણ ઓછું નાખવું. તેલની વાસ આવવી જોઈએ નહીં.

**૨૪. ન આવડતા પ્રશ્નનો જવાબ:** અઘરા અને ન આવડતા પ્રશ્નનો જવાબ ગપ્પાથી ન આપવો. મૌન પણ ન બેસી રહેવું. ન આવડતા પ્રશ્નનો જવાબ હળવું સ્મીત છે.

**૨૫. સ્કૂલ સ્ટૂડન્ટ જેવી શિસ્ત :** ઈન્ટરવ્યૂમાં સ્કૂલ સ્ટૂડન્ટ જેવી શિસ્ત જાળવવી. વાળ સરખી રીતે ઓળાયેલા, નખ કાપેલા, કપડા સ્વચ્છ - ઈસ્ત્રી ટાઈટ, બુટ પોલીશ કરી ચમકાયેલા, ચશ્મા હોય તો તેના કાચ સ્વચ્છ, વાણી નીચા સ્વરની હોવી જરૂરી છે.

**૨૬. શિષ્ટાચારના શબ્દો યોગ્ય સમયે- યોગ્ય રીતે :** Thanks, Thank you, Sorry, Please જેવા શબ્દો ક્યારે અને કઈ રીતે બોલવા તે વિવેક બુદ્ધિ અનુસાર નક્કી કરવું. ગુજરાતીમાં 'સ', 'શ', 'ષ', 'શ્ર', 'ળ' જેવા અક્ષરો યોગ્ય ઉચ્ચારથી બોલવા જરૂરી છે.

**૨૭. શિષ્ટાચારમાં સૂટેવનો સમાવેશ :** ઈન્ટરવ્યૂ દરમિયાન ખાંસી, છીંક આવે તો કુદરતી પ્રક્રિયા કરતી વખતે 'એક્યૂઝ મી' બોલી મોં આગળ રૂમાલ અવશ્ય રાખવો. જો તમારી છીંક ખાતી વખતે ઈન્ટરવ્યૂઅર 'ગોડ બ્લેસ યૂ' બોલે તો 'થેંક્સ' કે 'યુ આર વેલકમ' કહીને પ્રત્યુત્તર પાઠવવો.

## રોજગારની આસપાસ

**રાજેન્દ્ર ઉપાધ્યાય**

**૨૮. એકાગ્રતા અર્જુન જેવી :** ઈન્ટરવ્યૂ દરમિયાન તમારે તમારો મોબાઈલ સ્વીચ્ડ ઓફ કે વાયબ્રેશન મોડ પર રાખવો. જો ઈન્ટરવ્યૂઅરનો મોબાઈલ કે ફોન આવે, તો તે તરફ ધ્યાન ન રાખવું. તે જ પ્રમાણે ચાલુ ઈન્ટરવ્યૂ દરમિયાન કોઈ વ્યક્તિનો પ્રવેશ થાય, તેમની ઈન્ટરવ્યૂઅર સાથે વાતચીત થાય તે સાંભળતા ન હોય, તેવો ભાવ રાખવો. તેઓની સામે સતત જોયા ન કરવું. હા, આવા અપવાદરૂપ પ્રસંગોને બાદ કરતા ઈન્ટરવ્યૂઅર સાથે આઈ કોન્ટેક જાળવી રાખવો.

**૨૯. જવાબનો પુરાવો તાર્કિક દલીલ :** વિવાદસ્પદ પ્રશ્નનો ઉત્તર સમજી વિચારને આપવો. જરૂર પડે, તો ઈન્ટરવ્યૂઅરને 'પ્લીજ મને એક મિનિટ વિચારવાનો સમય આપો ?' કહીને જવાબ આપવા માટે પૂરતો સમય લેવો. ત્યારબાદ શિષ્ટ ભાષામાં જવાબ આપવો. ઈન્ટરવ્યૂઅર તમારા જવાબથી સંતોષ ન પામે અને તે અસંમતિ દર્શાવે, તો જવાબ બદલવાને બદલે તમારા જવાબને વફાદારીપૂર્વક વળગી રહીને તેની તરફેણમાં તાર્કિક દલીલ દ્વારા ખુલાસો કરવો. આમ, છતાંયે ઈન્ટરવ્યૂઅર તમારા જવાબ અંગે અસહમતી જણાવે, તો વધુ દલીલબાજી કરવાને બદલે 'આ તો મારો પોતાનો અંગત અભિપ્રાય છે' કહીને વાત પર પડદો પાડી દેવો.

**૩૦. (૫૦% - ૫૦%) વીન-વીન પરિસ્થિતિ :** ઈન્ટરવ્યૂનો કાલ્પનિક ભય લાગે છે ? તમે તમારો આત્મવિશ્વાસ વધારવા માંગો છો ? તો સીમ્પલ, તમે એટલું વિચારો કે આપને 'નોકરી'ની જરૂર છે, તો તેઓને 'સારા કર્મચારી'ની. ગરજ કોઈ એક પક્ષે નથી, બંને બાજુ ૫૦% - ૫૦% ટકા જરૂરિયાત છે. જો તેઓની પાસે ઘણા ઉમેદવારોનો વિકલ્પ છે, તો આપની પાસે પણ ટૂંકા-લાંબા ભવિષ્યમાં અન્ય ઘણા જોબના વિકલ્પો સર્જાઈ શકે છે, બેસ્ટ વ્યક્તિ જ સીલેક્ટ કે સફળ થશે, અને તે માટેની ક્ષમતા તમારામાં છે જ.

**૩૧. નિષ્ફળતાની જવાબદારી પોતાની :** કોઈપણ બાબત અંગે દોષનો ટોપલો બીજાના માથે ન મૂકવો. તમારા શૈક્ષણિક બાયોડેટામાં ધો.૧૦ થી શરૂ કરીને ગ્રેજ્યુએશન સુધીની તમામ પરિક્ષાની ટકાવારીમાં કોઈ પરિક્ષામાં અન્ય પરિક્ષાની સરખામણીમાં ઓછી ટકાવારી આવી હોય, તો પરિક્ષા પદ્ધતિ કે એકઝામીનરની ભૂલ કાઢવાને બદલે પોતાની તે સમયે તબીયત બરાબર નહોતી તેમ જણાવવું. તે જ પ્રમાણે ઈન્ટરવ્યૂમાં મોડા પહોંચવા બદલ તાત્કાલીક માફી માગી લેવી. પણ ટ્રાફિક, એક્સીડન્ટ કે બસ ડ્રાયવરનો વાંક ન કાઢવો.

**૩૨. શોર્ટ એન્ડ સ્વીટ :** ઉમેદવારે પોતાના જવાબની તરફેણમાં શક્ય હોય, તો ઉદાહરણ આપવું પણ દૃષ્ટાંત કથા કે બોધ કથારૂપી પ્રસંગ / વાર્તા ન સંભળાવવી.

**૩૩. શબ્દ પ્રયોગ :** સમગ્ર ઈન્ટરવ્યૂ દરમિયાન I think.... (હું વિચારું છું) ને બદલે I believe (હું માનું છું) શબ્દપ્રયોગ કરવો. ઈન્ટરવ્યૂઅર સાથે આત્મીયતા કેળવવા 'આપની કંપનીમાં...' બોલવાને બદલે 'આપણી કંપનીમાં...' શબ્દપ્રયોગ કરવો. આમ કરવાથી ઈન્ટરવ્યૂઅરની વધુ નજીક જઈ શકાય છે. સમગ્ર ઈન્ટરવ્યૂ દરમિયાન 'I' ટોનને બદલે 'You' ટોન વધુ ઉપયોગી બનશે. ભાષા શૈલી સજ્જતા તેમજ સૌમ્યતાનો અહેસાસ કરાવે, તેવી હોવી જોઈએ. ભાષાના શબ્દો ઉમેદવારનું ઠરેલપણું ઉપસાવે તેવા હોવા જોઈએ. રજૂઆતને વધુ આકર્ષક બનાવવા જરૂર જણાય, ત્યાં સુઉક્તિઓ (ક્વોટેશન્સ), રૂઢિપ્રયોગો, કહેવત વગેરેનો યથાયોગ્ય ઉપયોગ કરી શકાય. પણ ધ્યાન રહે તેનો ઓવરડોઝ થવો ન જોઈએ. ઈન્ટરવ્યૂની ગરિમા જળવાવવી જોઈએ, આ કોઈ વક્તૃત્વ સ્પર્ધા નથી.

**૩૪. બોડી લેંગ્વેજ :** ઈન્ટરવ્યૂ દરમિયાન તમારા હાવ-ભાવ ઉપર ઈન્ટરવ્યૂઅરની ઝીણી નજર હોય છે, આથી તે અંગે પૂરતી સાવચેતી રાખવી. બોડીલેંગ્વેજ વિશેની સામાન્ય જાણકારી પણ પ્રાથમિક કક્ષાએ ચાલી જશે. ઈન્ટરવ્યૂઅરની આંખોમાં આંખ મિલાવીને ઈન્ટરવ્યૂ દરમ્યાન 'Eye Contact' રાખવો. ઈન્ટરવ્યૂઅરની સામે પણ પગ પર પગ ન ચડાવવો કે નજર આડી-અવળી ન રાખવી. ખુરશીમાં સ્થાન લીધા બાદ ખુરશી અને ટેબલનું અંતર અનકમ્ફર્ટેબલ જણાય તો બેઠા-બેઠા ખુરશીને પાછળ તરફ ન ધકેલવી. સમગ્ર ઈન્ટરવ્યુ દરમિયાન સ્માઈલી ફેઈસ રાખવો, કે જેથી ઈન્ટરવ્યૂનું વાતાવરણ ગંભીર અને કંટાળાજનક ન બની રહે.

**૩૫. કિલીંગ ક્વેશ્ચન્સ (KQs) ના જવાબ :** ઉમેદવારે સમગ્ર ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાનો જુસ્સો જાળવી રાખવો, તેમજ મગજને શાંત રાખવું. હમણાથી ખાનગી કોર્પોરેટ સેક્ટરના ઈન્ટરવ્યૂમાં ઉમેદવારના મનોબળને તોડી નાખવા કિલીંગ ક્વેશ્ચન્સ (KQs) પૂછવાની પેટર્ન શરૂ થઈ છે. જેમકે 'તમને આ તમારી હેંર સ્ટાઈલ શોભતી નથી, તો તેને તમે બદલી નાખશો ?' આવા પ્રશ્નના જવાબમાં કેટલાક ઉમેદવારો ઈન્ટરવ્યૂઅરની શરણાગતી સ્વીકારીને, 'તમને પસંદ નથી, તો બદલી નાખીશ' એવું વિધાન કરી બેસે છે. તો વળી, કેટલાક ઉમેદવારો તેનો વિરોધ નોંધાવી આક્રમતાથી 'મારે મારા વાળની હેરસ્ટાઈલ કેવી રાખવી, તે મારો અંગત વિષય છે' એવું વિધાન કરી બેસે છે. આમ કરવાને બદલે આત્મવિશ્વાસપૂર્વક કહેવું, 'થેંક્સ ફોર યોર વેલ્યુએબલ કોમેન્ટસ, પણ હું માનું છું કે મારા કામમાં એ નડશે નહીં.' તેજ પ્રમાણે ઉમેદવારના ધર્મ, જાતિ, કુટુંબ વિશે પૂછાયેલા પ્રશ્નોના જવાબ ન આપવા હોય, તો 'ઈટ્સ પર્સનલ' કહેવું.

**૩૬. મેનર્સ અને એટીક્વેટસ :** સમગ્ર ઈન્ટરવ્યૂ દરમિયાન શિષ્ટાચાર જાળવવો જરૂરી બને છે. યોગ્ય મેનર્સ અને એટીકવેટસ જાળવવાથી ઈન્ટરવ્યૂઅર ઉમેદવારનો ચાહક બને છે. વધુ પડતું છેલબટાઉપણું કે વધુ પડતું ગંભીર વ્યક્તિત્વ ઈન્ટરવ્યૂઅર પસંદ કરતા હોતા નથી.

**૩૭. ઈન્ટરવ્યૂની પૂર્વ તૈયારી :** ઈન્ટરવ્યૂમાં કેવા પ્રશ્નો પૂછાશે તેની પૂર્વ વિચારણા કરીને માનસિક તૈયારી કરી શકાય. ઈન્ટરવ્યૂમાં વ્યક્તિગત પ્રશ્નો જેવા કે ઉમેદવારના નામનો અર્થ, માતા-પિતાના વ્યવસાય અંગે, પિતૃક વ્યવસાયમાં ન જોડાવવાનું કારણ, જન્મ સ્થળ કે વતનના જોવાલાયક સ્થળો વિશે પૂછી શકાય. તે જ પ્રમાણે શૈક્ષણિક બેકગ્રાઉન્ડ અંગેના પ્રશ્નો જેવા કે ધો. ૧૦ થી ડીગ્રી / ડિપ્લોમાં ક્યાંથી, ક્યારે ? કેટલી ટકાવારીથી ? વિશેષ લાયકાત વગેરે પૂછી શકાય. ઉપરાંત હોબી / શોખના પ્રશ્નો અને સૌથી વધુ અગત્યતા ધરાવતા પ્રોફેશનલ નોલેજના પ્રશ્નો જેવા કે વિવિધ મેથડ પૈકી શ્રેષ્ઠ કઈ અને શામાટે ? આ જોબ માટે અરજી શા માટે ? અનુભવ, અપેક્ષિત વેતન વગેરે પૂછી શકાય અને તેવી પૂર્વ તૈયારી ઈન્ટરવ્યૂના અગાઉ થઈ શકે.

**૩૮. સાંપ્રત પ્રવાહોની માહિતી :** ઉમેદવાર પાસે જનરલ નોલેજ (G.K.) હોય, તે આવશ્યક છે જ. પણ વધુ આવશ્યક છે ઉમેદવારનું સાંપ્રત પ્રવાહ (કરન્ટ અફેર્સ)નું જ્ઞાન. ઉમેદવારે ઈન્ટરવ્યૂના દિવસે ત્રણેક મુખ્ય વર્તમાનપત્રોની મુખ્ય હેડલાઈન, ફોટોગ્રાફસ, કોલમ અને કોલમીસ્ટીના નામ વગેરે જોઈ જવા, શક્ય હોય તો જે તે દિવસ ક્યા મહાનુભાવનો જન્મ દિવસ, મૃત્યુ તિથી છે, અથવા કોઈ ખાસ પ્રસંગની કેટલામી તિથી છે. તે પણ જોઈ જવું અને ઈન્ટરવ્યૂમાં સમય આવે આવા વિશિષ્ટ જ્ઞાનરૂપી પંચ મરી દેવો !

**૩૯. ઈન્ટરવ્યૂ કોનો ? :** ઈન્ટરવ્યૂના અંતમાં કેટલીક વાર ઈન્ટરવ્યૂઅર ઉમેદવારને 'અમે તમને ઘણા પ્રશ્નો પૂછ્યા, હવે આપ અમારા વિશે કે અમારી કંપની વિશે કંઈ પૂછવા માંગો છો ?' એમ કહેતા હોય છે. આવા સમયે ઉમેદવારે 'થેંક્સ. પણ મારે આપને કંઈ પૂછવાનું નથી.' કહેવું જોઈએ. ઉમેદવાર ઈન્ટરવ્યૂ આપનાર છે, ઈન્ટરવ્યૂ લેનાર નથી.

**૪૦. ઈન્ટરવ્યૂનો ફોલો-અપ :** ઈન્ટરવ્યૂ આપ્યાના એકાદ સપ્તાહમાં કોઈ સૂચના ન મળે, તો ખાનગી કોર્પોરેટ સેક્ટરમાં ઈન્ટરવ્યૂનો ફોલો-અપ લેવાની પરંપરા શરૂ થઈ ચૂકી છે. આવા ફોલો-અપને કારણે વધુ પ્રતિક્ષા ટાળી શકાય અને પરિણામે અન્ય જગ્યાએ પ્રયત્ન કરવાની ખબર પડે છે. તે જ પ્રમાણે ઉમેદવારના ઉપલા ક્રમના પસંદ કરાયેલાઓએ ઈન્ટરવ્યૂનો ફોલો-અપ કર્યો ન હોય, અને કંપનીને આવો ફોલો-અપ પસંદ આવી જાય, તો તેઓ ઉમેદવારને તક આપી શકે છે. ફોલો-અપમાં તમારી પસંદગી ન થઈ હોય, તો વિનમ્રતાથી 'મારી ભૂલ ક્યાં થઈ ? મારી કઈ વિગતો આપને ન ગમી ?' જેવા પ્રશ્નો પૂછીને માર્ગદર્શન મેળવી લેવું ઈન્ટરવ્યૂએ નવું શીખવાની પ્રક્રિયા છે. ઈન્ટરવ્યૂનો ફોલો-અપ ફોન/મોબાઈલ, પત્ર કે રૂબરૂ થઈ શકે.

**રોજગાર T20 :** ઈન્ટરવ્યૂ ફ્રેંચ શબ્દ છે. મૂળ શબ્દ ENTBE VOIRE કે જેનો અર્થ આપવા કે લેવા માટે વ્યક્તિ કે સમૂહની વ્યક્તિ કે સમૂહ સાથે થતી વાતચીત. ●

**(૧) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) હોકીની રમતમાં ગોલના બે થાંભલા વચ્ચેનું અંતર ૩.૬૫ મીટર હોય છે.
(૨) હોકીની સર્વોચ્ચ સંસ્થા ફેડરેશન ઈન્ટરનેશનલ ધ હોકી છે.
(૩) શૂટીંગ શબ્દ હોકી સાથે સંકળાયેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨) નીચેનામાંથી વિધાનોની સત્યતા જણાવો.**
(અ) 'સિઝર્સ' શબ્દ ફૂટબોલના રમત સાથે સંકળાયેલ છે.
(બ) પ્રથમ ફૂટબોલ વિશ્વકપ ૧૯૩૦માં ફ્રાન્સમાં રમાયો હતો.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૩) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) ૨૦૧૮નો ફુટબોલ વિશ્વકપ કતાર ખાતે યોજાનાર છે.
(૨) ફુટબોલની શરૂઆત ઈંગ્લેન્ડથી થઈ હતી.
(૩) પ્રથમ ફુટબોલ વિશ્વકપમાં વિજેતા ઉરૂગ્વે રહ્યું હતું.
(૪) ફુટબોલની રમતમાં મેદાનની લંબાઈ ૯૧ થી ૧૨૦ મીટર હોય છે.

**(૪) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) ક્રિકેટની રમતમાં દડાનું વજન ૧૫૬ થી ૧૬૮ ગ્રામ હોય છે.
(૨) પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ ૧૮૭૭માં રમાઈ હતી.
(૩) 'મિડ ઓન' શબ્દ ક્રિકેટની રમત સાથે સંકળાયેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૫) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) 'સેટ ઈન, વાલી, આઉટ' વગેરે શબ્દો લોન ટેનિસની રમત સાથે સંકળાયેલ છે.
(૨) લોન ટેનિસની રમત માટે 'વિમ્બલ્ડન ચેમ્પિયન શીપ' જુન-જુલાઈન સમય ગાળામાં રમાય છે.
(૩) 'જ્યુસ, સ્મેશ, ડ્રોપ, ડબલ ફોલ્ટ, લેટ, સર્વિસ' વગેરે શબ્દો ટેબલ ટેનિસ રમત સાથે સંકળાયેલ છે.
(૪) પોલોની રમતમાં એક ટીમમાં ખેલાડીઓની સંખ્યા ૪ હોય છે.

**(૬) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) ભારતમાં એટમિક એનર્જી કમીશનની સ્થાપના ઈ.સ. ૧૯૫૪માં થઈ હતી.
(૨) ઈંદિરા ગાંધી સેન્ટર ફોર એટમિક રીસર્ચ સેન્ટર કોલકત્તા ખાતે આવેલ છે.
(૩) યુરેનિયમ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. જાદુઘોડા ખાતે આવેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૭) નીચેનામાંથી વિધાનોની સત્યતા જણાવો.**
(અ) નરોરા તાપ વિદ્યુત મથક ઉત્તર પ્રદેશમાં આવેલ છે.
(બ) ભારતીય રક્ષા ક્ષેત્રે DRDO ની સ્થાપના ૧૯૫૮માં કરવામાં આવી હતી..
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૮) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) પૃથ્વી મિસાઈલનું સૌ પ્રથમ પરીક્ષણ ૧૯૮૮માં ઓરિસ્સામાં ચાંદીપુર ખાતેથી થયું હતું.
(૨) અગ્નિ મિસાઈલની ખાસિયત એ છે કે મિસાઈલ છોડ્યા પછી વાતાવરણની બહાર જાય છે અને ફરી વાતાવરણમાં પ્રવેશ કરી લક્ષ્યને સાધે છે.
(૩) ત્રિશુલ મિસાઈલ એ એન્ટી ટેન્ક મિસાઈલ છે જે ટેંકોને શોધીને નાશ કરે છે.
(૪) આકાશ મિસાઈલ એ રમજેટ સિદ્ધાંતો પર કાર્ય કરનારી પ્રથમ ભારતીય મિસાઈલ છે.

**(૯) ભારતીય પ્રથમ હવાથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલ કઈ ?**
(૧) સાગરિકા (૨) અસ્ત્ર
(૩) બ્રહ્મોસ (૪) શોર્ય

**(૧૦) નીચેનામાંથી કઈ મિસાઈલ ભારત અને રશિયાના સંયુક્ત પ્રયાસોથી વિકાસ પામી છે ?**
(૧) LCA (૨) સુખોઈ-૩૦
(૩) બ્રહ્મોસ (૪) પિનાક

**(૧૧) 'આનંદપ્રજા' ના રચયિતા ?**
(૧) બ.ક. ઠાકોર (૨) કુમારપાળ દેસાઈ
(૩) હિતેન્દ્ર જોષી (૪) નર્મદ

**(૧૨) 'યુગે યુગે' નાટકના લેખક ?**
(૧) નિરંજન ભગત (૨) હરિન્દ્ર દવે
(૩) રમેશ પારેખ (૪) પ્રહલાદ પારેખ

**(૧૩) ઝવેરચંદ મેઘાણીનું મૃત્યુ કઈ સાલમાં થયું ?**
(૧) ૧૯૭૨ (૨) ૧૯૭૩
(૩) ૧૯૮૬ (૪) ૧૯૪૭

**(૧૪) 'મોન્ટેસરી પદ્ધતિ' પુસ્તક કોનું રચિત છે ?**
(૧) ગિજુભાઈ બધેકા (૨) જયા મહેતા
(૩) વિનોદ ભટ્ટ (૪) રમેશ પારેખ

**(૧૫) 'મીણ માટીના માનવી' નો સાહિત્ય પ્રકાર ?**
(૧) પ્રવાસ નિબંધ (૨) લઘુ નવલ
(૩) નવલકથા (૪) નવલિકા

**(૧૬) સંશયના બે પર્યાયી આપો.**
(૧) શંકા, સંદેહ (૨) ડર, ભય
(૩) પવિત્ર, નિર્મળ (૪) એકપણ નહીં

**(૧૭) નીચેનામાંથી સમાનાર્થી શબ્દોનું ક્યું જોડકું સાચું છે ?**
(૧) સ્પૃશ - અસ્પૃશ્ય (૨) શ્રેષ્ઠ - નિમ્ન
(૩) બાહ્ય - આંતરિક (૪) ગિરિ - શૈલ

જનરલ નોલેજ ક્વિઝ કોર્નર
મનીષ શાહ

**(૧૮) નીચેનામાંથી કઈ સંધિ સાચી નથી ?**
(૧) વિદ્યાભ્યાસ = વિદ્યા + અભ્યાસ
(૨) પૃથ્વી = પૃથુ + ઈ (૩) સદૈવ = સદૈ + એવ
(૪) હિમાલય = હિમ + આલય

**(૧૯) 'વનશ્રી' સમાસનો પ્રકાર જણાવો.**
(૧) કર્મધારય (૨) ઉપપદ
(૩) દ્વિગુ (૪) તત્પુરુષ

**(૨૦) 'સમાધિમાં સ્થિર રહેનાર' નો સમાસ જણાવો.**
(૧) ઉપપદ (૨) મધ્યમપદલોપી
(૩) તત્પુરુષ (૪) દ્વિગુ

**(૨૧) નીચેનામાંથી ક્યુ વિધાન યોગ્ય છે ?**
(૧) ૧ નેનોમીટર = $૧૦^{-૯}$ મીટર
(૨) 'નેનોટેકનોલોજી'નો પ્રથમ પ્રયોગ એરિક ડ્રેક્સલરે કર્યો હતો.
(૩) વિશ્વની સૌપ્રથમ ટેસ્ટ ટ્યૂબ બેબીનું નામ લૂઈસ બ્રાઉન હતું.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૨) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) સેન્ટર ફોર DNA ફિંગર પ્રિન્ટીંગ અને ડાઈગ્નોસ્ટીક નામની સંસ્થા હૈદરાબાદ ખાતે આવેલ છે.
(બ) સ્ટેમસેલ થેરાપીથી શરીરના જુદા જુદા કોષોનું નિર્માણ કરી શરીરના વિવિધ અંગોનું નિર્માણ થઈ શકે છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૨૩) વિશ્વમાં હ્યુમન કલોનીંગનો સૌ પ્રથમ ઉપયોગ ક્યાં વર્ષમાં થયો હતો ?**
(૧) ૧૯૯૮ (૨) ૧૯૯૬
(૩) ૧૯૯૨ (૪) ૧૯૯૭

**(૨૪) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) ભારતમાં સ્ટેમસેલ થેરાપીના પ્રણેતા ડો. ફિરોઝા પરીખ છે.
(૨) વિશ્વમાં સૌ પ્રથમ હ્યુમન ક્લોનિંગ ઈ.સ. ૧૯૯૭ના વર્ષમાં થયું હતું.
(૩) આધુનિક ગોલ્ફની સૌપ્રથમ શરૂઆત સ્કોટલેન્ડથી થઈ હતી.
(૪) 'ડ્રિબલ' શબ્દ ગોલ્ફની રમત સાથે સંકળાયેલ છે.

**(૨૫) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) બેઝબોલની એક ટીમમાં ખેલાડીઓની સંખ્યા ૯ હોય છે.
(૨) 'ચેંજ, એક્ટિવ, ચેઝર' વગેરે જેવા શબ્દો ખો-ખોની રમત સાથે સંકળાયેલા છે.
(૩) 'ચેક મેટ, સ્ટેલમેટ, ગેમ્બીટ' વગેરે જેવા શબ્દો ચેસની રમત સાથે સંકળાયેલ છે.
(૪) ઉપરના બધા જ વિધાન સાચા છે.

**(૨૬) નીચેના વિધાનોની સત્યતા જણાવો.**
(અ) 'કેનનસ' શબ્દ બિલિયર્ડસની રમત સાથે સંકળાયેલ છે.
(બ) 'ટાઈમકીપર' શબ્દ રાઈફલ શૂટીંગ સાથે સંકળાયેલ છે.
(૧) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.
(૨) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.
(૩) બંને વિધાન સાચા છે. (૪) બંને વિધાન ખોટા છે.

**(૨૭) નીચેનામાંથી ક્યું વિધાન યોગ્ય છે ?**
(૧) 'બટર ફલાય' શબ્દ સ્વિમિંગની રમત સાથે સંકળાયેલ છે.
(૨) 'અપર કટ, નોક આઉટ' જેવા શબ્દો બોક્સિંગની રમત સાથે સંકળાયેલ છે.
(૩) મેરેથોન દોડ માટેનું અંતર ૪૨.૧૯૫ કિમી. હોય છે.
(૪) ઉપરના બધા જ વિધાન યોગ્ય છે.

**(૨૮) 'યુરો' કપ કઈ રમત માટે રમાય છે ?**
(૧) હોકી (૨) ફૂટબોલ
(૩) લોન ટેનિસ (૪) ટેબલ ટેનિસ

**(૨૯) નીચેનામાંથી ક્યું વિધાન અયોગ્ય છે ?**
(૧) 'નહેરુ કપ' બાસ્કેટ બોલ માટે રમાય છે.
(૨) 'બુલ ફાઈટ' જાપાનની રાષ્ટ્રીય રમત છે.
(૩) રગ્બીના રમતના મેદાનને 'પિચ' કહે છે.
(૪) ઉપરના બધા જ વિધાન અયોગ્ય છે.

**(૩૦) 'બારામતી' સ્ટેડિયમ ક્યા આવેલ છે ?**
(૧) મુંબઈ (૨) કાનપુર
(૩) કટક (૪) બેંગ્લોર

**(૩૧) ઉત્પ્રેક્ષા અલંકારનું ઉદાહરણ શોધીને લખો.**
(૧) જીવનવાડી કરમાઈ ગઈ (૨) હૈયું જાણી હિમાલય
(૩) દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે.
(૪) તેનું રૂદન સાંભળીને દવાખાનામાંથી દિવાલો ધ્રુજી ઊઠી.

**(૩૨) ન દેવોનાં પરમ વર શો પુત્ર પામ્યાં પનોતો - અલંકાર ઓળખાવો.**
(૧) રૂપક (૨) ઉત્પ્રેક્ષા
(૩) ઉપમા (૪) સ્વભાવોક્તિ

**(૩૩) 'સીધાં ચડાણ' એ કોની કૃતિ છે ?**
(૧) કરનશદાસ માણેક (૨) કનૈયાલાલ મુનશી
(૩) કાકાસાહેબ (૪) કિશોર જાદવ

**(૩૪) ક્યો અર્થાલંકાર નથી ?**
(૧) ઉત્પ્રેક્ષા (૨) અનન્વય
(૩) રૂપક (૪) યમક

**(૩૫) સાઠ વર્ષે ઉજવાતો ઉત્સવ ?**
(૧) સુવર્ણ મહોત્સવ (૨) રજત મહોત્સવ
(૩) હીરક મહોત્સવ (૪) ષષ્ટિપૂર્તિ

**(૩૬) ના મારે તુજ ભેટ બક્ષિસ ન વા તારી કૃપા જોઈએ - છંદનો પ્રકાર જણાવો.**
(૧) પૃથ્વી (૨) મંદાક્રાંન્તા
(૩) મનહર (૪) શાર્દુલવિક્રીડીત

**(૩૭) અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ ?**
(૧) ચોપાઈ (૨) દોહરો
(૩) અનુષ્ટુપ (૪) સવૈયા

## જવાબ

**(૧) ૪ (૨) ૧ (૩) ૧ (૪) ૪ (૫) ૩ (૬) ૩ (૭) ૩ (૮) ૩ (૯) ૨ (૧૦) ૩ (૧૧) ૩ (૧૨) ૨ (૧૩) ૪ (૧૪) ૧ (૧૫) ૩ (૧૬) ૧ (૧૭) ૪ (૧૮) ૩ (૧૯) ૧ (૨૦) ૧ (૨૧) ૪ (૨૨) ૩ (૨૩) ૪ (૨૪) ૪ (૨૫) ૪ (૨૬) ૧ (૨૭) ૪ (૨૮) ૨ (૨૯) ૨ (૩૦) ૩ (૩૧) ૨ (૩૨) ૩ (૩૩) ૨ (૩૪) ૪ (૩૫) ૩ (૩૬) ૪ (૩૭) ૪**

**ધો. ૧૨ સાયન્સમાં PCM - ૭૦ ટકા ધરાવો છો ? તો આ તક ઝડપી લો !**

**ભારતીય નૌકાદળ**

# ૧૦+૨ કેડેટ(બી.ટેક.) એન્ટ્રી સ્કીમ દ્વારા પરમેનન્ટ કમિશન ઓફિસર બનવાની તક

ઓન લાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૪-૧૨-૨૦૧૪

**ઇઝીમાલા, કેરાલા ખાતેની પ્રતિષ્ઠિત નેવલ એકેડેમી ખાતે ૧૦+૨ કેડેટ (બી..ટેક.) એન્ટ્રી સ્કીમમાં જોડાવા માટે અપરિણીત પુરૂષ ઉમેદવારો કે જેઓ સરકારે ઠરાવેલ રાષ્ટ્રિયતાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેઓની પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.**

❑ **યોગ્યતાની શરતો :**

❑ **વયમર્યાદા :** ૧૭ થી ૧૯½ વર્ષ એટલે કે ઉમેદવાર તા. ૨-૧-૧૯૯૬ અને તા. ૧-૭-૧૯૯૮ (બંને તારીખો સહિત) વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :** યુનિવર્સિટી/બોર્ડની સિનિયર સેકન્ડરી એક્ઝામિનેશન (૧૦+૨ પદ્ધતિ) અથવા તેની સમકક્ષ પરીક્ષા ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મેથેમેટિક્સમાં (PCM) ઓછામાં ઓછા કુલ ૭૦ ટકા ગુણ સાથે પાસ તેમજ ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨માં અંગ્રેજીમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે પાસ.

❑ **શારીરિક ધોરણો :**

(અ) **ઊંચાઈ અને વજન :** ઓછામાં ઓછી ઊંચાઈ ૧૫૭ સે.મી. અને સાથે સપ્રમાણ વજન.

(બ) **દૃષ્ટિ :** દૃષ્ટિનું લઘુત્તમ સ્વીકાર્ય ધોરણ દૂરની દૃષ્ટિ માટે ૬/૬, ૬/૯ છે અને ચશ્માં સાથે સુધારેલ દૃષ્ટિ ૬/૬, ૬/૬ હોવી જોઈએ. ઉમેદવારને રંગઅંધત્વની કે રતાંધળાપણાની ખામી ન હોવી જોઈએ.

❑ **કમિશનનો પ્રકાર :** અભ્યાસક્રમ/તાલીમ સફળતાપૂર્વક પૂરી કર્યા બાદ ઉમેદવારોને ભારતીય નૌકાદળની એન્જિનિયરીંગ અને ઈલેક્ટ્રિકલ અથવા નેવલ આર્કિટેકચર શાખાઓમાં ટેક્નિકલ ઓફિસર તરીકે પરમેનન્ટ કમિશન આપવામાં આવશે.

❑ **અરજી કેવી રીતે કરશો ? :**

➢ આ એન્ટ્રી માટે ઉમેદવારોએ ઓન લાઇન એટલે કે, ઇ-એપ્લિકેશન કરવાની છે. ઉમેદવારો નૌકાદળની વેબસાઇટ www.nausena-bharti.nic.in ઉપર ઓન લાઇન અરજી કરવાની છે. છેલ્લી તારીખ ૨૪-૧૨-૨૦૧૪ છે. ઓન લાઇન અરજી કર્યાબાદ સિસ્ટમ દ્વારા 'એપ્લિકેશન નંબર' જનરેટ થશે જે કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર દેખાશે. આ એપ્લિકેશન નંબર અરજીની પ્રિન્ટ આઉટમાં આપોઆપ આવી જશે. જો સિસ્ટમ દ્વારા એપ્લિકેશન નંબર જનરેટ ન થાય તો સમજવું કે ઓન લાઇન અરજીનો સ્વીકાર થયો નથી.

➢ ઉમેદવારોએ અરજીની બે પ્રિન્ટ આઉટ કાઢી લેવી. જે પૈકી એક નકલમાં સ્વયંની સહી કરી નીચે દર્શાવેલ સરનામે તા. ૪-૧-૨૦૧૪ સુધીમાં સાદી ટપાલથી મોકલી આપવી.

**POST BAG NO. 04,**
**NIRMAN BHUVAN PO,**
**NEW DELHI-110 011.**

➢ અરજી સાથે સ્વયં પ્રમાણીત તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો, ધો. ૧૦ અને ધો. ૧૨ના પ્રમાણપત્ર, માર્કશીટની સ્વયં પ્રમાણીત નકલો મોકલવી.

➢ અરજી માત્ર સાદી ટપાલથી જ મોકલવી. સ્પીડ પોસ્ટ, કુરીયર, રજિસ્ટર્ડ પોસ્ટથી અરજી મોકલવી નહીં.

➢ અરજી મોકલવાના કવર પર **" ON LINE APPLICATION NO. ____________ APPLICATION FOR 10+2 CADET (B.TECH)ENTRY SCHEME-JUNE 2015 COURSE, QUALIFICATION.... PCM PERCENTAGE.....%** લખવું.

❑ **પસંદગી પ્રક્રિયા :**

➢ ઉમેદવારોને તેઓએ ૧૦+૨/સમકક્ષ લાયકાતમાં પીસીએમમાં મેળવેલા ગુણના આધારે સર્વિસ સિલેકશન બોર્ડના ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવશે.

➢ તારવણી કરેલા ઉમેદવારોનું એસએસબી ઈન્ટરવ્યૂ ફેબ્રુઆરીથી મે-૨૦૧૫ દરમિયાન બેંગલોર, ભોપાલ અથવા કોઇમ્બતૂર ખાતે લેવામાં આવશે.

➢ એસએસબી ઈન્ટરવ્યૂનો કુલ સમયગાળો ૫ દિવસનો છે જેમાં પ્રથમ તબક્કામાં (એક દિવસ) ઈન્ટેલિજન્સ ટેસ્ટ, દૃશ્ય સંકેત અને ગ્રુપ ડિસ્કશન કસોટીઓ લેવામાં આવશે. જે ઉમેદવારો પ્રથમ તબક્કાની કસોટીઓમાં લાયકાત મેળવવામાં નિષ્ફળ જશે તેઓને તે જ દિવસે પરત મોકલવામાં આવશે. બીજા તબક્કામાં (ચાર દિવસ) સાયકોલોજિકલ ટેસ્ટ, ગ્રુપ ટાસ્ક ટેસ્ટ અને ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. ત્યારબાદ સફળ ઉમેદવારોની તેજ સ્થળે ખાસ તબીબી તપાસ કરવામાં આવશે. (અંદાજિત સમયગાળો ૩-૫ દિવસ)

➢ કોઈપણ સંજોગોમાં ઈન્ટરવ્યૂ માટેના એસએસબી કેન્દ્રમાં ફેરફાર કરી આપવામાં આવશે નહિ.

➢ એસએસબીની તારીખોમાં ફેરફાર બાબતે કોઈપણ પત્રવ્યવહાર President of the SSB ને કોલઅપ લેટર મળ્યા બાદ કરવો.

➢ પ્રથમ વાર પરીક્ષામાં હાજર રહેનાર ઉમેદવારને બીજા વર્ગનું સ્લીપરનું આવવા જવાનું રેલવે ભાડું મળવાપાત્ર છે.

➢ એસ.એસ.બી દ્વારા ભલામણ કરવામાં આવ્યા હોય અને તબીબી રીતે સક્ષમ જાહેર થયેલા હોય તેવા ઉમેદવારોને, જગાઓની સંખ્યાને લક્ષમાં લઈને, અખિલ ભારતીય ધોરણે ગુણવત્તાના ક્રમમાં તાલીમ માટે નિમણૂક આપવામાં આવશે.

➢ કસોટી દરમિયાન કોઈ ઈજા થશે તો તેનું વળતર આપવામાં આવશે નહિ.

❑ **તાલીમ :** તાલીમનો કાર્યક્રમ જૂન-૨૦૧૫માં શરૂ થશે.

➢ પસંદ થયેલા ઉમેદવારોને ઈન્ડિયન નેવલ એકેડેમી, ઇઝીમાલા, કેરાલા ખાતે ઇલેક્ટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન અથવા મિકેનિકલ એન્જિનિયરીંગ શાખામાં ચાર વર્ષના બી. ટેક. અભ્યાસક્રમમાં કેડેટ તરીકે પ્રવેશ આપવામાં આવશે. અભ્યાસ દરમ્યાન કેડેટને એક્ઝિક્યૂટીવ અથવા ટેકનીકલ (એન્જિનિરીંગ, ઈલેક્ટ્રિકલ અથવા નેવલ આર્કિટેકટ) શાખા ફાળવવામાં આવશે. અભ્યાસ પૂર્ણ થયે કેડેટને જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીની બી. ટેક. ની ડિગ્રી એનાયત કરવામાં આવશે.

➢ **તાલીમનો ખર્ચ :** પુસ્તકો અને વાંચન સાહિત્ય સહિતનો તાલીમનો તમામ ખર્ચ નૌકાદળ ભોગવશે. કેડેટને વિનામુલ્યે કપડાં અને ભોજન પણ આપવામાં આવશે.

♦ **પગારભથ્થા :** ઉમેદવારને સબ લેફ્ટેનન્ટથી કમાન્ડર સુધીની રેંકમાં પ્રમોશન મળી શકે છે. નવો પગાર નીચે મુજબ મળવાપાત્ર છે.

| Rank | Pay Bands/Scale | Grade Pay | MSP |
|---|---|---|---|
| Sub Lieutenant | PB-3/15600-39100 | 5400 | 6000 |
| Lieutenant | PB-3/15600-39100 | 6100 | 6000 |
| Lieutenant CDR | PB-3/15600-39100 | 6600 | 6000 |
| Commander | PB-4A/37400-67000 | 8000 | 6000 |

❑ **અન્ય મળવાપાત્ર ભથ્થાં :** (જગ્યાને અનુરૂપ)

| Allowances | To whom granted | Rate per month (pm) (in Rs.) |
|---|---|---|
| Instructional | All Officers posted as instructor | 1800/pm |
| Uniform | All Officers | 16000 (Initial grant) & 5000 (Every 3 yrs) |
| Hard Area | All Officers posted in Hard Area as declared by Govt. | 25% of basic pay |
| House Rent | All Officers | 10-30% of Basic (Pay Band + Grade Pay + MSP) |
| Transport | All Officers | 1600-3200 (+DA thereon) |

❑ **ભથ્થા :** મોંઘવારી ભથ્થું, સી.સી.એ., હીલ કોમ્પેસેટરી એલાવન્સ, કીટ મેન્ટેન્સ એલાવન્સ, હાઈ એલ્ટિટ્યૂડ/અનકોઝીનલ ક્લાઈમેટ એલાવન્સ, આઉટફીટ એલાવન્સ, ક્વોલીફિકેશન પે, પેરાશૂટ પે અને પેરાશૂટ રીઝર્વ પે (જે મળવાપાત્ર હોય તે) અન્ય ભથ્થા.

❑ **જૂથ વીમો :** છેલ્લામાં છેલ્લા નિયમ મુજબ રૂા. ૪૦ લાખનું વીમા છત્ર. (ભાગીદારી ધોરણે)

❑ **ગ્રેજ્યુઇટી :** પ્રવર્તમાન નિયમો મુજબ ગ્રેજ્યુઈટી આપવામાં આવશે.

❑ **લીવ એનકેશમેન્ટ :** છેલ્લામાં છેલ્લા નિયમો મુજબ લીવ એનકેશમેન્ટ આપવામાં આવશે. નિવૃત્તિ સમયે ૩૦૦ દિવસની એન્યુઅલ રજાનું રોકડમાં રૂપાંતર થઈ શકશે.

❑ **પેન્શનને લગતા લાભ :** નિવૃત્તિ પેન્શન/કુટુંબ પેન્શન, વિકલાંગતા પેન્શન, ડીસીઆરજી અને એક્સ ગ્રેસીયા એવોર્ડ વગેરે લાભો મળી શકશે.

❑ **રજા :** ઓફિસરને નોકરીની આવશ્યક્તાને લક્ષમાં રાખીને ૬૦ દિવસની વાર્ષિક રજા અને ૨૦ દિવસની પરચૂરણ રજા આપવામાં આવશે. ઉપરાંત મેડિકલ લીવ અને સ્ટડી લીવ સેવાની તાકીદની બાબતો ધ્યાને લઈને આપવામાં આવશે. પોતાના અને કુટુંબ માટે નિયમોનુસાર નિ:શૂલ્ક પ્રવાસની સુવિધા તેમજ હવાઈ મુસાફરીમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે.

❑ **અન્ય લાભ :** પગારધોરણ મુજબ રેશન, ફર્નિચર સાથેનું રહેઠાણ અને સંલગ્ન સેવાઓ રાહત દરે, પોતાના અને કુટુંબ માટે તબીબી સુવિધાઓ, જુથ આવાસ યોજના, શાળાએ જતા બાળકો માટે રાહત દરે વાહનવ્યવહારની સુવિધા, કેન્ટીન સુવિધા.

❑ **સાહસ અને રમતો :** નેવી ઉમેદવારની પસંદગીની કોઈપણ રમત માટે સુવિધા પૂરી પાડે છે. વિશેષમાં, કોઈપણ ઉમેદવાર રિવર રાફ્ટિંગ, પર્વતારોહણ, હોટ એર બલુનિંગ, હેંગ ગ્લાઈડિંગ, વિંડ સર્ફિંગ, વગેરે જેવી સાહસિક રમતો શીખી શકે છે અને આવી રમતોમાં ભાગ લઈ શકે છે.

❑ **અગત્યની સૂચનાઓ :**

➢ અરજી સાથે બીડાણો દોરાથી મજબૂત બાંધવા.

➢ લાયકાતની પરીક્ષામાં ઉમેદવારે મેળવેલી ટકાવારીના ધોરણે ઉમેદવારોની તારવણી કરવામાં આવશે. આ બાબતે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

➢ એકથી વધુ અરજીઓ મોકલનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

➢ કોઈપણ સંજોગોમાં ઈન્ટરવ્યૂ માટેનું એસ. એસ. બી. કેન્દ્ર બદલવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

➢ આ વિજ્ઞાપનમાં આપેલી શરતો અને ધારાધોરણો ફેરફારને પાત્ર છે અને તેથી તેનો માત્ર માર્ગદર્શિકા તરીકે જ ઉપયોગ કરવો.

# સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ : ગાંધીનગર

**ઈજનેરી સહાયક અને અધિક ઈજનેરી સહાયક (સિવિલ)ની જગ્યાઓ માટે કરાર આધારીત ભરતી**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા ઈજનેરી સહાયક અને અધિક ઈજનેરી સહાયક (સિવિલ) ની કરાર આધારીત જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ વેબસાઈટ http://ojas-guj.nic.in પર તા. ૧૭-૧૨-૨૦૧૪ સુધીમાં ઓનલાઈન અરજીકરવાની છે.

**જગ્યાનું નામ :** ઈજનેરી સહાયક (સિવિલ)

**જગ્યાની સંખ્યા :** ૧૬૦ (બિન અનામત-૮૩ (મહિલા-૨૭, પુરૂષ-૫૬), સા.શૈ.પ.વ.-૪૩(મહિલા-૧૪, પુરૂષ-૨૯),અ.જા.-૧૧ (મહિલા-૦૪, પુરૂષ-૦૭), અ.જ.જા.-૨૩ (મહિલા-૦૮, પુરૂષ-૧૫)

**જગ્યાનું નામ :** અધિક ઈજનેરી સહાયક (સિવિલ)

**જગ્યાની સંખ્યા :** ૮૦ (બિન અનામત-૪૦ (મહિલા-૧૩, પુરૂષ-૨૭), સા.શૈ.પ.વ.-૨૧(મહિલા-૦૭, પુરૂષ-૧૪), અ.જા.-૦૫ (મહિલા-૦૨, પુરૂષ-૦૩), અ.જ.જા.-૧૨ (મહિલા-૦૪, પુરૂષ-૦૮), શારીરિક ખોડ ખાંપણ-૦૨(પુરૂષ)

**શૈક્ષણિક લાયકાત :** ઈજનેરી સહાયક (સિવિલ) માટે- માન્ય યુનિ.માંથી બી.ઈ.અથવા સમકક્ષ લાયકાત.ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન.કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન.

**વય મર્યાદા :** તા.૧૩-૧૨-૨૦૧૪ના રોજ ૧૮ થી ૨૮ વર્ષ.

**શૈક્ષણિક લાયકાત :** અધિક ઈજનેરી સહાયક (સિવિલ) માટે- માન્ય સંસ્થામાંથી સિવિલ એન્જિનિયરીંગ ડિપ્લોમા અથવાસમકક્ષ લાયકાત.ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન.કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન.

**વય મર્યાદા :** તા.૧૩-૧૨-૨૦૧૪ના રોજ ૧૮ થી ૩૦ વર્ષ. વય મર્યાદામાં અનામત વર્ગના ઉમેદવારોને નિયમોનુસાર છૂટછાટ મળી શકશે.

**પગાર ધોરણ :** ઈજનેરી સહાયક માટે માસિક ફિક્સ પગાર રૂ.૨૦,૦૦૦.અધિક ઈજનેરી સહાયક માટે માસિક ફિક્સ પગાર રૂ.૧૬,૦૦૦.

વધુ વિગતો માટે ઓજસ વેબસાઈટ જોવી. ●

## ભારત સંચાર નિગમ લિ. નવી દિલ્હી

### જુનિયર એકાઉન્ટસ ઓફિસરની ૯૦૦ થી વધુ જગ્યાઓ માટે ભરતી

ભારત સંચાર નિગમ લિ. (BSNL)માં જુનિયર એકાઉન્ટસ ઓફિસર (JAOs) ની સીધી ભરતી માટે લાયકાત ધરાવતા ભારતીય નાગરિક ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૧૨-૨૦૧૪**

**જગ્યાની કુલ સંખ્યા : ૯૬૨**

જાહેરાત ક્રમાંક : ૩૧-૧/૨૦૧૩ Roctt.

❑ **જગ્યાની વિગતો :**

| જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | | | | | શા.ખો.ખાં. ધરાવનાર માટે અનામત (બેકલોગ સહિત) |
|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | અ.પ.વ. | અ.જા. | અ.જ.જા. | કુલ | |
| જુનિ. એકાઉન્ટ ઓફિસર્સ (JAOs) | ૩૮૯ | ૨૬૦ | ૧૯૫ | ૧૧૮ | ૯૬૨ | ૪૪ |

♦ કુલ જગ્યાઓ પૈકી ૩ ટકા જગ્યાઓ શારીરિક ખોડખાંપણ ધરાવનાર ઉમેદવારો માટે અનામત છે.

❑ **યોગ્યતાના ધોરણો :**

♦ **રાષ્ટ્રિયતા :** ફક્ત ભારતના નાગરિક હોય તેવા ઉમેદવારો જ અરજી કરી શકશે.

♦ **શૈક્ષણિક લાયકાત :** ઉમેદવાર તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ નીચે દર્શાવેલ પૈકી કોઈ એક લાયકાત / ડિગ્રી ધરાવતા હોવા જોઈએ.

(૧) સી.એ. અથવા (૨) કંપની સેક્રેટરી અથવા (૩) કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્ટ અથવા (૪) એમ.કોમ.

♦ **વય મર્યાદા :** તા. ૧-૧-૨૦૧૫ના રોજ ઉમેદવાર ૨૦ થી ૩૦ વર્ષની વય ધરાવતા હોવા જોઈએ. ઉપલી વય મર્યાદામાં અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને પાંચ વર્ષ, અ.પ.વ.ના ઉમેદવારોને ત્રણ વર્ષ, શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારોને ૧૦ વર્ષ તથા એક્સ સર્વિસમેન ઉમેદવારોને નિયમોનુસાર છૂટછાટ મળી શકશે.

♦ મહિલા ઉમેદવારોને સીધી ભરતીના ક્વોટામાં ઉપલી વયમાં પાંચ વર્ષની છૂટ મળી શકશે.

♦ BSNL ના કર્મચારીને નિયમોને આધિન પાંચ વર્ષની છૂટ મળી શકશે.

❑ **પસંદગી પ્રક્રિયા :**

♦ ઉમેદવારોની પસંદગી અખિલ ભારતીય ધોરણે યોજનારી સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે થશે. લેખિત પરીક્ષામાં બે પેપર રહેશે. જે નીચે મુજબ છે.

**પેપર : ૧**

**વિષય :** સામાન્ય અંગ્રેજી **ગુણ : ૧૦૦**

**વિષય :** જનરલ એપ્ટિટ્યૂટ / અવેરનેસ **ગુણ : ૫૦**

**પ્રકાર :** હેતુલક્ષી, **સમય :** ૩ કલાક

**પેપર : ૨**

**વિષય :** ફિનાન્સિયલ મેનેજમેન્ટ / કોસ્ટ એકાઉન્ટીંગ / ટેક્ષ એન્ડ કોમર્શિયલ લો

**પ્રકાર :** હેતુલક્ષી, **ગુણ :** ૩૦૦, **સમય :** ૩ કલાક

**કુલ : ગુણ : ૪૫૦**

❑ **લઘુતમ લાયકી ધોરણ :** બંને પેપર માટે લઘુત્તમ લાયકી ધોરણ કેટલું નક્કી કરવું તે BSNL દ્વારા નક્કી કરવામાં આવશે. જે ઉમેદવારો નિયત લઘુત્તમ લાયકી ગુણ મેળવવામાં નિષ્ફળ જશે તેઓનો મેરિટ લિસ્ટમાં સમાવેશ થશે નહીં. પસંદગી પ્રક્રિયાના અંતે પસંદ થયેલા ઉમેદવારોને જ તેઓની પસંદગીની જાણ કરવામાં આવશે. આ અંગે પાછળથી કોઈ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.

❑ **પરીક્ષા કેન્દ્રની પસંદગી :** ગુજરાતના ઉમેદવારો માટે પરીક્ષા કેન્દ્ર અમદાવાદ રહેશે. તેનો સર્કલ કોડ નં. ૧૮ છે.

❑ **ઓનલાઈન અરજી અને પરીક્ષા ફી :** JAOs માટે ઉમેદવારોએ BSNL ની વેબસાઈટ www.externalexam.bsnl.co.in ઉપર તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની છે.

♦ સામાન્ય અને અન્ય પછાત વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦૦ ચૂકવવાના છે. પરીક્ષા ફી ઓનલાઈન મોડથી ચૂકવવાની છે.

♦ અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારોએ પરીક્ષા ફી ચૂકવવાની નથી. પરીક્ષા ફીમાંથી મુક્તિનો લાભ લેવા માટે અ.જા./ અ.જ.જા. વર્ગના ઉમેદવારોએ જાતિનો દાખલો ઓનલાઈન અરજી વખતે અપલોડ કરવાનો રહેશે.

❑ **પ્રવાસ ભથ્થુ :** માત્ર અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને જ પ્રવાસ ભથ્થુ મળવાપાત્ર થશે.

હાલમાં ઉમેદવારો દ્વારા આપવામાં આવેલી વિગતો અને માહિતીને આધારે ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. પરંતુ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરતા પૂર્વે એ બાબતની ખાસ ચકાસણી કરી લેવી કે તેઓ સંબંધીત જગ્યા માટે જરૂરી લાયકાત / યોગ્યતા ધરાવે છે કે નહીં. પાછળથી એવી હકીકત ધ્યાનમાં આવશે કે ઉમેદવારે માહિતી ખોટી જણાવી છે તો તેઓની ઉમેદવારી રદ થશે.

❑ **અજમાયશી સમય સહ તાલીમ અને બોન્ડ :**

♦ પસંદગી પામેલા ઉમેદવારોને બે વર્ષ માટે અજમાયશી ધોરણે રાખવામાં આવશે.

♦ અજમાયશી સમય દરમ્યાન ગેરવર્તણૂંક બદલ / અથવા તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં નિષ્ફળ ઉમેદવારનો અજમાયશી સમય લંબાવી શકાશે અથવા તો સેવામાંથી છૂટા કરી શકાશે.

♦ હંગામી ધોરણે નિમણુંક પામેલા તમામ ઉમેદવારોએ BSNL દ્વારા નિર્ધારીત એવું બાંહેધરી પત્રક લખી આપવાનું રહેશે કે તેઓ નિમણુંક મળ્યા તારીખથી પાંચ વર્ષ સુધી BSNL માં સેવારત રહેશે.

♦ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પસંદગી પ્રક્રિયા સંબંધી સૂચનાઓ / માહિતી માટે તેઓએ BSNL ની વેબસાઈટ www.bsnl.co.in નિયમિત જોતા રહેવું.

♦ ભરતી પ્રક્રિયા સંબંધી કોઈપણ માહિતી / પૂછપરછ માટે AGM (Rectt.-II), BSNL, Corporate Office, New Delhi નો ટેલિફોન નંબર : 011-23765386 ઉપર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે.

♦ અન્ય પરીક્ષા કેન્દ્રો લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ, સર્કલવાઈઝ જગ્યાઓની સંખ્યા માટે BSNL ની વેબસાઈટ www.bsnl.co.in જોવી.

### સર્કલવાઈસ જગ્યાઓની વિગત

| ક્રમ | સર્કલનું નામ | સામાન્ય | અ.પ.વ. | અ.જા. | અ.જ.જા. | કુલ | શા.ખો.ખાં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આંદામાન નિકોબાર | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૦ |
| ૨ | આંધ્રપ્રદેશ | ૪૬ | ૧૧ | ૨૨ | ૧૨ | ૯૧ | ૪ |
| ૩ | આસામ | ૧૦ | ૬ | ૫ | ૦ | ૨૧ | ૨ |
| ૪ | બિહાર | ૯ | ૭ | ૭ | ૩ | ૨૬ | ૨ |
| ૫ | છત્તીસગઢ | ૯ | ૫ | ૪ | ૧ | ૧૯ | ૧ |
| **૬** | **ગુજરાત** | **૪૨** | **૨૮** | **૧૪** | **૧૫** | **૯૯** | **૪** |
| ૭ | જમ્મુ કાશ્મીર | ૬ | ૪ | ૨ | ૧ | ૧૩ | ૦ |
| ૮ | જારખંડ | ૨ | ૨ | ૧ | ૪ | ૯ | ૦ |
| ૯ | કર્ણાટક | ૩૨ | ૨૦ | ૧૬ | ૮ | ૭૬ | ૪ |
| ૧૦ | કેરાલા | ૧૮ | ૪ | ૮ | ૫ | ૩૫ | ૧ |
| ૧૧ | મધ્યપ્રદેશ | ૨૨ | ૨૦ | ૯ | ૮ | ૫૯ | ૩ |
| ૧૨ | મહારાષ્ટ્ર | ૧૧૬ | ૭૫ | ૫૦ | ૨૬ | ૨૬૭ | ૧૪ |
| ૧૩ | નોર્થ ઈસ્ટ-૧ | ૬ | ૫ | ૩ | ૦ | ૧૪ | ૦ |
| ૧૪ | નોર્થ ઈસ્ટ-૨ | ૩ | ૧ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૧૫ | હિમાચલ | ૮ | ૬ | ૬ | ૧ | ૨૧ | ૧ |
| ૧૬ | પંજાબ | ૬ | ૧૧ | ૬ | ૫ | ૨૮ | ૧ |
| ૧૭ | રાજસ્થાન | ૮ | ૫ | ૭ | ૫ | ૨૫ | ૨ |
| ૧૮ | તામિલનાડુ | ૪ | ૩ | ૪ | ૪ | ૧૫ | ૧ |
| ૧૯ | યુપી(ઈસ્ટ) | ૦ | ૧૦ | ૮ | ૭ | ૨૫ | ૧ |
| ૨૦ | યુપી(વેસ્ટ) | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૪૭ | ૧ |
| ૨૧ | ઉત્તરાખંડ | ૪ | ૨ | ૩ | ૧ | ૧૦ | ૦ |
| ૨૨ | વેસ્ટ બંગાળ | ૧૮ | ૧૮ | ૬ | ૪ | ૪૬ | ૨ |
| ૨૩ | ચેન્નાઈ ટેલી. | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૨૪ | કોલકત્તા ટેલી. | ૩ | ૧ | ૧ | ૨ | ૭ | ૦ |
| | **કુલ** | **૩૮૯** | **૨૬૦** | **૧૯૫** | **૧૧૮** | **૯૬૨** | **૪૪** |

**Government of India**

**Ministry of Defence Ordnance Factory Board**

## Ammunition Factory Khadki

**Pune (Maharashtra) Pin - 411003**

**(Direct Recruitment for the posts of Tradesman (Semi-Skilled) of Industrial Establishment)**

**Advertisement No. ORDFYS/AFK/DAVP/07/14-15/LB/12/EMP**

Online applications are invited from the citizens of India who fulfill the requisite qualifications as mentioned in the online advertisement for the following Group 'C' posts of Industrial Establishment is Semi-Skilled grade in the Pay Band of Rs. 5200-20200 and Grade Pay of Rs. 1800/- plus allowances as admissible. The intending candidates may visit the factory's website at the address http://afk.gov.in and carefully read all the instructions given in the detailed advertisement before applying online.

**1. Name of Post and No. of Vacancies:**

| Sl No. | Name of the Post | Group | Number of Vacancies reserved | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | UR | OBC | SC | ST | Total | PH OH | HH | EX-SM |
| 01. | CPW | C | 30 | 13 | 7 | 3 | 53 | - | - | |
| 02. | Examiner | C | 20 | 10 | 5 | 3 | 38 | - | - | |
| 03. | DBW | C | 65 | 24 | 15 | 7 | 110 | - | - | |
| 04. | Boiler Attendant | C | 1 | - | - | - | 1 | | | |
| 05. | Carpenter | C | 5 | 1 | 1 | - | 7 | | | |
| 06. | Electrician | C | 1 | - | - | - | 1 | 10 | 05 | 60 |
| 07. | Fitter | C | 18 | 9 | 5 | 3 | 35 | | | |
| 08. | Fitter Pipe | C | 5 | 2 | 1 | - | 8 | | | |
| 09. | Machinist | C | - | - | - | 1 | 1 | | | |
| 10. | Mason | C | 9 | 3 | 1 | - | 13 | | | |
| 11. | Painter | C | 4 | 1 | - | - | 5 | | | |
| 12. | Turner | C | 1 | - | - | - | 1 | | | |
| | **Total** | | **159** | **63** | **34** | **17** | **273** | **10** | **05** | **60** |

**Backlog Vacancy**

2. For detailed information please visit our website http://afk.gov.in under catagory **"Recruitment".**
3. The relevant details of recruitment educational qualification, reservations, age limit, fees, recuirment procedure, relaxation ect. are available in the above website.
4. **Crucial Dates :**

a) Filling of online applications will start on-immediatley after publication of advertisement in Employment News.

b) Last date of application on online system - 18-12-2014.

SR. GENERAL MANAGER
AMMUNITION FACTORY KHADKI

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.